# પ્રકરણ

# અધ્યયન અધ્યાપન સામગ્રી

**પ્રસ્તાવના**

પ્રસ્તુત પ્રકરણમાં પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત શિક્ષણ કાર્યક્રમની રચના કરવા માટે વિવિધ એકમોની પસંદગી કરવામાં આવી છે. પસંદ કરેલા એકમોને વર્ગ સમક્ષ પ્રવૃત્તિઓ દ્વારા ભણાવવામાં આવ્યા. ત્યારબાદ વર્ગ અભ્યાસ દ્વારા થયેલા અનુભવોનું વિશ્લેષણ અને અર્થઘટન પણ રજૂ કરવામાં આવ્યું છે.

**સંશોધનમાં સમાવિષ્ટ એકમો**

સંસ્કૃત તજ્જ્ઞોના અભિપ્રાય પ્રમાણે ધોરણ-૮ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી કુલ ૧૦ (દસ) એકમોની પસંદગી કરવામાં આવી હતી. જે નીચે પ્રમાણે છે.

૧. નામરૂપ 'अ' કારાન્ત પુલ્લિંગ (દ્વિતીયા થી સપ્તમી વિભક્તિ પરિચય 'अ' કારાન્ત પુલ્લિંગ એકવચનના રૂપો)

૨. વર્તમાનકાળ પરસ્મૈપદ

૩. હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદ

૪. સંબંધક ભૂતકૃદન્ત

૫. હેત્વર્થ કૃદન્ત

૬. સર્વનામના રૂપોનો પરિચય

૭. सङ्ख्या

8. समय:

9. प्रहेलिका:

10. मम परिचय:

ઉપર્યુક્ત એકમોની પસંદગી શા માટે કરવામાં આવી છે? તેની માહિતી નીચે પ્રમાણે એકમ અનુસાર આપવામાં આવી છે.

**નામરૂપ अ કારાન્ત પુલ્લિંગ**

'अ' કારાન્ત પુલ્લિંગ એકમ પ્રથમક્રમે પસંદ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ વાક્યમાં રહેલાં કર્તા, કર્મ, ક્રિયાપદની ઓળખ, વિભક્તિને લગતા પ્રત્યયોથી પરિચિત થાય. સંસ્કૃતમાં સાદાં વિભક્તિ યુક્ત વાક્યો ઓળખી શકે તથા રચી શકે તેમજ ગદ્ય-પદ્ય ખંડનું વાંચન કરે ત્યારે ક્રિયાપદો ઓળખાવી શકે, અર્થગ્રહણ કરી શકે. સાથે આ એકમમાં રહેલી સંસ્કૃત વ્યાકરણની પ્રક્રિયાઓ અન્ય એકમો માટે પણ કામ આવે છે. તેથી વ્યાકરણ્ અંગેની સામાન્ય સમજનો વિકાસ કરવા માટે આ એકમ પસંદ કરવામાં આવ્યો છે.

**વર્તમાનકાળ પરસ્મૈપદ**

બીજા એકમ તરીકે વર્તમાનકાળ પરસમૈપદ એકમ પસંદ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં વર્તમાનકાળને લગતા સાદા વાક્યો ઓળખી શકે, આ ઉપરાંત વિદ્યાર્થીઓ ગદ્ય-પદ્ય ખંડનું વાંચન કરે ત્યારે ધાતુ, ધાતુને લગતા પ્રત્યયો, ઓળખાવી શકે, અર્થગ્રહણ કરી શકે, અનુવાદ કરી શકે, તેમજ આ એકમમાં રહેલી સંસ્કૃત વ્યાકરણની પ્રક્રિયાઓ અન્ય એકમો જેવા કે ધાતુરૂપના અન્ય પ્રત્યયો સામાન્ય

ભવિષ્યકાળ વગેરે, કૃદન્તો વગેરે એકમો માટે પણ ખૂબ કામ આવે છે. તેથી વ્યાકરણ્ અંગેની સામાન્ય સમજનો વિકાસ કરવા માટે અને ભવિષ્યમાં આગળ વ્યાકરણ વધુ સારી રીતે શીખવા તૈયાર થાય તે હેતુથી આ એકમની પસંદગી કરવામાં આવી છે.

**હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદ**

ત્રીજા એકમ તરીકે હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદ એકમને પસંદ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ ગદ્ય-પદ્યનું વાંચન કરે ત્યારે ભૂતકાળના વાક્યોને ઓળખાવી શકે, તેનું અર્થગ્રહણ કરી શકે અનુવાદ કરી શકે, તેમજ હ્યસ્તનભૂતકાળના પ્રત્યયોથી પરિચિત થઇ હ્યસ્તનભૂતકાળ વાક્યો વિદ્યાર્થીઓ બનાવતા શીખે, વિદ્યાર્થીઓ હ્યસ્તનભૂતકાળના પ્રત્યયોને ઓળખતા થાય તે માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

**સંબંધક ભૂતકૃદન્ત**

ચોથા એકમ તરીકે સંબંધક ભૂતકૃદન્તની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સંબંધક ભૂતકૃદન્ત એટલે શું? સંબંધક ભૂતકૃદન્ત ક્યારે વપરાય? સંબંધક ભૂતકૃદન્ત બનાવવા ધાતુને ક્યાં પ્રત્યય લગાડવો? વગેરે વિશે વિદ્યાર્થી જાતે પ્રક્રિયા કે પ્રવૃત્તિ દ્વારા માહિતી પ્રાપ્ત કરે, તેમજ ગદ્ય-પદ્યનેં વાંચન કરે ત્યારે સંબંધક ભૂતકૃદન્તના વાક્યો ઓળખી શકે, અર્થગ્રહણ કરી શકે, અનુવાદ કરી શકે, તેમજ આ એકમોમાં રહેલી સંસ્કૃત વ્યાકરણની પ્રક્રિયાઓ અન્ય એકમો માટે પણ ખૂબ કામ આવે છે. અને તેનથી વ્યાકરણ અંગેની સામાન્ય સમજનો વિકાસ કરવા માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

**હેત્વર્થ કૃદન્ત**

પાંચમાં એકમ તરીકે હેત્વર્થ કૃદન્તને પસંદ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ હેત્વર્થ કૃદન્તના પ્રત્યયનો પરિચય મેળવે, પ્રત્યયનો ઉપયોગ કરીને વાક્યો બનાવે છે. હેત્વર્થ કૃદન્તના પ્રત્યયનો ધાતુની સાથે જોડીને રૂપ બનાવતા શીખે અને રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવતા શીખે, અનુવાદ કરે, અર્થગ્રહણ કરી શકે તે માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

**સર્વનામના રૂપોનો પરિચય**

છઠ્ઠા એકમ તરીકે સર્વનામના રૂપોનો પરિચય એ એકમની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુસકલિંગ જેવા રૂપોથી પરિચિત થાય. વાક્યોમાંથી સર્વનામના રૂપોને ઓળખાવે, અર્થગ્રહણ કરે, અનુવાદ કરે, સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવતા શીખે તે માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

सङ्ख्या

સાતમા એકમ તરીકે '**सङ्ख्या**' એ એકમની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સંખ્યાથી પરિચિત થાય, સંખ્યાનો ઉપયોગ કરીને વાક્યો બનાવી શકે, તેનું અર્થગ્રહણ કરે, અનુવાદ કરે, સંખ્યાનો ઉપયોગ કરીને રમત રમી શકે તે માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

**समयः**

આઠમાં એકમ તરીકે '**समयः**' એ એકમની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ એકથી બાર સંખ્યાનો પરિચય મેળવે, વિદ્યાર્થીઓ સમયનો પરિચય મેળવે, સમયની

સાથે થતી રોજિંદા ક્રિયાઓનો પણ પરિચય મેળવે, વિદ્યાર્થીઓ સમયની સાથે થતી વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને ભૂતકાળની ક્રિયાને પરિચય મેળવે તે માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

**प्रहेलिका**

નવમાં એકમ તરીકે '**प्रहेलिका**' એ એકમની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પહેલીકાનું વાંચન કરીને, તેનો વિચાર કરીને જવાબ આપે. તેના કારણે વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક વિકાસ થાય છે. તે માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

मम परिचय:

દસમા એકમ તરીકે '**मम परिचयः**' એ એકમની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પોતાનો પરિચય સંસ્કૃત ભાષામાં બોલતા શીખે, વિદ્યાર્થીઓ સંવાદ દ્વારા એકબીજાનો પરિચય મેળવે, તેનું અર્થગ્રહણ કરે, અનુવાદ કરે, પુલ્લિંગ અને સ્ત્રીલિંગ શબ્દોથી પરિચિત થાય તે માટે આ એકમની પસંદગી કરવામાં આવી છે.

આ દરેક એકમમાં જુદી-જુદી પ્રવૃત્તિઓ સમાવવાનો મુખ્ય હેતુ એ હતો કે દરેક પ્રવૃત્તિમાં વિદ્યાર્થી અધ્યયન કરવા માટે તત્પર થાય, સામેલ થાય, સાથે વર્ગ અધ્યયન જીવંત બનાવી શકાય.

આ ઉપરાંત પ્રવૃત્તિમાં વૈવિધ્ય શા માટે રાખવામાં આવ્યું છે તેના મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

- વિદ્યાર્થીઓ એકની એક પ્રવૃત્તિથી કંટાળી જાય છે.
- એક જ સરખી પ્રવૃત્તિથી દરેક એકમો શીખવી શકાય નહિ.

- ❖ પ્રવૃત્તિમાં વૈવિધ્ય હોવાને કારણે વિદ્યાર્થીઓનો શીખવાનો ઉત્સાહ વધે છે.
- ❖ વિદ્યાર્થીઓ અધ્યયનકાર્યમાં રસ લેતા થાય છે.
- ❖ વિદ્યાર્થીઓની જાણવાની ઇચ્છા તીવ્ર બને છે.
- ❖ વિદ્યાર્થીઓ સક્રિય રીતે અધ્યયન કાર્યમાં જોડાય છે.
- ❖ વિદ્યાર્થીઓને ભણવાનો ભાર લાગતો નથી.
- ❖ વિદ્યાર્થીઓમાં રસ, રુચિ અને ઉત્સાહ વધે છે.
- ❖ વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુ પ્રત્યે આત્મવિશ્વાસ વધે છે.
- ❖ વિદ્યાર્થીઓને ભણવામાં કંટાળો આવતો નથી.

આટલી બાબોને ધ્યાનમાં રાખીને દરેક એકમમાં વિવિધ પ્રવૃત્તિઓને સ્થાન આપવામાં આવ્યું છે.

**પ્રવૃત્તિઓનું પ્રથમ સ્વરૂપ**

સંસ્કૃત તજજ્ઞોના અભિપ્રાય દ્વારા જે એકમો પસંદ કરવામાં આવ્ય હતાં તેના વિષયવસ્તુને રજૂ કરવા માટે સામગ્રીમાં વિવિધ પ્રવૃત્તિઓની રચના કરવામાં આવી હતી. તેમાં કુલ દસ (૧૦) એકમો સમાવિષ્ટ કરાયાં હતાં. દરેક એકમોમાં પ્રવૃત્તિઓની રચના કરવામાં આવી હતી, જે આ પ્રમાણ છે

- ❖ પ્રશ્નનોત્તરી
- ❖ કોઠા-પૂર્તિ-વિશ્લેષણ કોષ્ટક
- ❖ ફ્લેશ કાર્ડ પ્રવૃત્તિ
- ❖ જોડ પ્રવૃત્તિ
- ❖ સાદા કાર્ડના ઉપયોગથી ખાલી જગ્યા પૂરવી વગેરે

- ચિત્ર પરથી વાક્ય રચના
- ચિત્ર પરથી વાર્તાકથન
- શબ્દોના સેટ આપી તે પરથી વાક્યો બનાવવા
- ધાતુ, ગણ, વિકરણ પ્રત્યયનનો ઉપયોગ કરી વાક્યો બનાવવા
- જૂથ પ્રવૃત્તિ
- સંવાદ પ્રવૃત્તિ

ઉપયુક્ત દરેક પ્રવૃત્તિઓને રચેલ સંશોધનમાં સ્થાન આપેલ છે. નમૂના તરીકે અમુક એકમો અને તેની પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે.

## એકમ – ૧

## અ કારાન્ત પુલ્લિંગ વિભક્તિ પરિચય

## (પ્રથમા થી સપ્તમી વિભક્તિ એકવચનના રૂપો)

### પ્રથમા વિભક્તિ

પ્રવૃત્તિ-૧ શિક્ષક એક સંસ્કૃત વાક્ય બોર્ડ પર લખશે અને તે પરથી વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્નો પૂછશે.

સૂચના **रामः लिखति ।** આ વાક્ય પરથી હું તમને કેટલાક સરળ પ્રશ્નો પૂછીશ, તમારે તેનો જવાબ આપવાનો છે.

પ્રશ્નો : (૧) આ વાક્યમાં કઇ ક્રિયા થાય છે?

(૨) કોણ લખે છે?

(૩) ક્રિયા કરનારને શું કહીશું?

(૪) 'रामः' શબ્દમાં કારાન્ત કયો છે?

(૫) 'रामः' એ કઇ જાતિનો શબ્દ છે?

(૬) 'रामः' શબ્દ કયા વચનમાં છે?

(૭) 'रामः' શબ્દ સાથે કયો પ્રત્યય લાગ્યો છે?

(૮) વાક્યમાં કર્તા કોણ છે?

શિક્ષક વિદ્યાર્થીઓ સામે એક વિશ્લેષણ કોષ્ટક અને વિભક્તિ સમજનો ચાર્ટ રજૂ કરશે.

**વિભક્તિ સમજ**

શિક્ષક : વિભક્તિ સાત છે. પ્રથમા, દ્વિતીયા વગેરે તે પ્રથમ ખાનામાં ક્રમમાં રજૂ કરી છે. બીજા ખાનામાં પ્રત્યેક વિભક્તિની સામે તેના નામ આપેલા છે. ત્રીજા ખાનામાં વિભક્તિના અર્થ આપેલા છે. ચોથા ખાનામાં પ્રત્યેક વિભક્તિના પ્રત્યય આપેલા છે. પાંચમા ખાનામાં દરેક વિભક્તિના ઉદાહરણો આપેલા છે. અને છેલ્લા ખાનામાં પ્રત્યેક વિભક્તિના સંસ્કૃત પ્રત્યયો આપેલા છે.

| **વિભક્તિ** | **નામ** | **અર્થ** | **ગુજરાતીમાં પ્રત્યય** | **ઉદાહરણ** | **વિભક્તિનો સંસ્કૃત પ્રત્યય** |
|---|---|---|---|---|---|
| प्रथमा | કર્તા | ક્રિયાનો કરનાર, કર્તા | એ | रामः- રામે, | ः |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | રામ | |
| द्वितीया | કર્મ | ક્રિયાનું કર્મ | ને | रामम्- રામને | म् |
| तृतीया | કરણ | ક્રિયાનું સાધન | થી, થકી, વડે, દ્વારા | रामेण – રામ વડે | इक,इन |
| चतुर्थी | સંપ્રદાન | ક્રિયા જેના માટે થઇ હોય તે | માટે, કાજે, વાસ્તે | रामाय – રામ માટે | अय |
| पञ्चमी | અપાદાન | જે સ્થાનેથી છૂટું પડવું તે | માંથી, પરથી | रामात् – રામમાંથી | अत् |
| षष्ठी | સંબંધક | નામનો જેની સાથે સંબંધ હોય તે | નો, ના, ની, નું, રો, રા, રી, રુ | रामस्य- રામનો, રામના, રામની, રામનું | स्य |
| सप्तमी | અધિકરણ | જેના આધારે ક્રિયા થતી હોય | માં, ઉપર, અંદર | रामे – રામમાં | ए |

શિક્ષક વિભક્તિ સમજ ચાર્ટના ઉપયોગ દ્વારા रामः लिखति। પદ લઇ વિદ્યાર્થીઓની મદદથી કોઠામાંથી વિગતો પૂરશે.

**દ્વિતીયા વિભક્તિ**

પ્રવૃત્તિ-૧ શિક્ષક બોર્ડ પર સંસ્કૃત વાક્ય લખશે અને તે કેટલાક પ્રશ્નો વિદ્યાર્થીઓને પૂછશે.

સૂચના: **बालकः श्लोकम् वदति ।** હું આ વાક્ય પરથી કેટલાક સરળ પ્રશ્નો પૂછું છું તમારે તેના જવાબ એક વાક્યમાં આપવાનાં છે.

પ્રશ્નો :

(૧) આ વાક્યમાં કઇ ક્રિયા થાય છે?

(૨) કોણ બોલે છે?

(૩) વાક્યમાં કર્તા કોણ છે?

(૪) બાળક શું બોલે છે?

(૫) બોલવાની અસર કોના પર થાય છે?

(૬) શ્લોક શબ્દમાં કારાન્ત કયો છે?

ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીઓને એક સંસ્કૃત વાક્ય આપશે અને વિદ્યાર્થીઓને કેટલીક ચિઠ્ઠીઓ આપવામાં આવશે. પ્રત્યેક ચિઠ્ઠીને ૧, ૨, ૩ વગેરે નંબર આપેલા હશે. ચિઠ્ઠીના ક્રમ પ્રમાણે વિદ્યાર્થી પાસેથી જવાબ લેવામાં આવશે અન તે કોઠામાં જવાબ લખી કોઠામાંની વિગતો પૂરશે.

સૂચના : હું તમને કેટલીક ચિઠ્ઠીઓ આપું છું, તેમાં દરેક ચિઠ્ઠી ઉપર નંબર લખેલા છે. અને ચિઠ્ઠીમાં મૂળનામ, કારાન્ત, લિંગ, વચન વગેરે લખેલું છે. તમારે આ વાક્યમાંના જ શબ્દો કે પદ નીચે રેખા દોરી છે તે પદને ધ્યાનમાં

રાખીને કોઠામાં આવી જવાબ લખવાનો છે. દા.ત. પ્રથમ નંબરની ચિઠ્ઠીમાં મૂળનામ એવું લખ્યું હોય તો તે વિદ્યાર્થી મૂળનામવાળા ખાનામાં વન્ એ પ્રમાણે લખશે.

| વાક્ય: राधा कृष्णं भजति । | | | | | |
|---|---|---|---|---|---|
| ચિઠ્ઠીઓ | મૂળનામ | કારાન્ત લિંગ | વચન | પ્રત્યય | વિભક્તિ |
| | कृष्ण | अ – કારાન્ત – પુલ્લિંગ | એકવચન | म् | કર્મ |

હેતુ : વિદ્યાર્થીઓ વિભક્તિયુક્ત પદનું વિશ્લેષણ કરે.

પ્રવૃત્તિ-૨

શિક્ષક : શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો બતાવશે અને ચિત્રોમાં જોઇને શિક્ષક બાળકોને કેટલાક પ્રશ્નો પૂછશે.

સૂચના : તમારે ધ્યાનથી ચિત્રને જોવાનું છે અને ચિત્રને જોયા પછી તમારે જવાબ આપવાનો છે.

ચિત્ર (૧) બાળક અને વિદ્યાલયનું ચિત્ર





પ્રશ્નો : (૧) પ્રથમ ચિત્રમાં કોણ છે?

(૨) બીજા ચિત્રમાં શું દેખાય છે?

(૩) ત્રીજા ચિત્રમાં બાળક ક્યા જાય છે?

(૪) ચિત્રમાં જોઇને દ્વિતીયા વિભક્તિને લગતું વાક્ય બનાવો.

ચિત્ર (૨) વૃદ્ધ અને ઘડિયાળનું ચિત્ર





પ્રશ્નો : (૧) પ્રથમ ચિત્રમાં કોણ છે?

(૨) બીજા ચિત્રમાં કોનું ચિત્ર આપેલું છે?

(૩) ત્રીજા ચિત્રમાં વૃદ્ધ માણસ કોને જોવે છે?

(૪) ચિત્રમાં જોઇને દ્વિતીયા વિભક્તિને લગતું વાક્ય બનાવો.

ચિત્ર (૩) કુંભાર અને ઘડાનું ચિત્ર




પ્રશ્નો : (૧) પ્રથમ ચિત્રમાં કોણ દેખાય છે?

(૨) બીજા ચિત્રમાં કોનું ચિત્ર આપેલું છે?

(૩) ત્રીજા ચિત્રમાં કુંભાર શું કરે છે?

(૪) ચિત્રમાં જોઇને દ્વિતીયા વિભક્તિને લગતું વાક્ય બનાવો.

હેતુ: વિદ્યાર્થીઓ ચિત્રના આધારે દ્વિતીયા વિભક્તિનો પરિચય મેળવે.

તૃતીયા વિભક્તિ

પ્રવૃત્તિ-૧ શિક્ષક વિદ્યાર્થી સમક્ષ અન્ય એક વાક્ય રજૂ કરશે અને તે પરથી કેટલાક પ્રશ્નો પૂછશે. (અને વિદ્યાર્થીઓના જવાબના આધારે કોઠાની વિગતો પૂરશે)

સૂચના : "रामः बाणेन रावणं हन्ति" આ વાક્ય પરથી હું તમને કેટલાક સરળ પ્રશ્નો પૂછું છું. તમારે તેના જવાબ આપવાના છે.

પ્રશ્નો : (૧) આ વાક્યમાં કઇ ક્રિયા થાય છે?

(૨) ક્રિયાનો કરનાર કોણ છે?

(૩) રામ કોને મારે છે?

(૪) રામ શાના વડે મારે છે?

(૫) બાણ શબ્દમાં કારાન્ત કયો છે?

(૬) બાણ વડે રામ મારે છે તો કોઠામાં જુઓ અહીં કઇ વિભક્તિ આવશે?

વિદ્યાર્થીઓને જોડીમાં કામ આપવામાં આવશે. જેમાં પ્રત્યેક જોડીને ફ્લેશકાર્ડ આપવામાં આવશે. ફ્લેશકાર્ડ ઉપર સંસ્કૃત વાક્ય અને તેની નીચે વિશ્લેષણ કોષ્ટક હશે. વિદ્યાર્થી વાક્યમાંના જે પદ નીચે રેખા કરી હશે તે પદને લઇ વિશ્લેષણ કોષ્ટક ભરશે.

સૂચના : બે-બેની જોડીમાં વહેંચાઇ જાવ પ્રત્યેક જોડીને હું એક કાર્ડ આપું છું કાર્ડની ઉપર સંસ્કૃત વાક્ય લખ્યું હશે તેવાક્યની નીચે જે પદ નીચે રેખા કરેલી હશે તેને ધ્યાનમાં રાખી તેની નીચે આપેલ વિશ્લેષણ કોષ્ટકને તમારે ભરવાનું છે.


| વાક્ય: अर्जून: बाणेन कर्णं हन्ति । | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **પદ** | **મૂળનામ** | **કારાન્ત લિંગ** | **વચન** | **પ્રત્યય** | **વિભક્તિ** | **અન્ય વાક્યો** |
| बाणेन | बाण | अ – કારાન્ત – પુલ્લિંગ | એકવચન | इक, इन | तृतीया કરણ | राधा <u>हस्तेन</u> लिखति।<br>महेश: <u>चषकेन</u> जलं पिबति ।<br>विद्या विनयेन शोभते । |

પ્રવૃત્તિ-૨

શિક્ષક : શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો બતાવશે. અને ચિત્રોના આધારે વિદ્યાર્થીઓને કેટલાંક પ્રશ્નો પૂછશે.

સૂચના : હું તમને કેટલાક ચિત્રો બતાવીશ. તમારે ચિત્રોને ધ્યાનથી જોવાના છે અને ચિત્રોને જોયા પછી તમારે જવાબો આપવાના છે.

ચિત્ર (૧) કુંભાર અને ચક્રનું ચિત્ર




પ્રશ્નો : (૧) પ્રથમ ચિત્ર કોનું છે?

(૨) બીજા ચિત્રમાં શાનું ચિત્ર આપેલું છે?

(૩) કુંભાર શાના વડે ઘડો બનાવે છે?

(૪) ચિત્રમાં જોઇને તૃતીયા વિભક્તિને લગતું વાક્ય બનાવો.

ચિત્ર (૨) યુવક, માણસ (બાળક) અને દડાનું ચિત્ર




પ્રશ્નો : (૧) પ્રથમ ચિત્ર કોનું છે?

(૨) બીજા ચિત્રમાં કોનું ચિત્ર આપેલું છે?

(૩) યુવક શાના વડે રમે છે?

(૪) ચિત્રમાં જોઇને તૃતીયા વિભક્તિને લગતું વાક્ય બનાવો.

હેતુ : → વિદ્યાર્થીઓ વિભક્તિયુક્ત પદનું વિશ્લેષણ કરે.

→ વિદ્યાર્થીઓ ચિત્રમાં જોઇને તૃતીયા વિભક્તિના વાક્યો બનાવે.

→ વિદ્યાર્થીઓ તૃતીયા વિભક્તિના વાક્યો ઓળખે.

**ચતુર્થી વિભક્તિ**

પ્રવૃત્તિ-૧ : શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ એક સંસ્કૃત વાક્ય આપ્યા બાદ તેમાંથી કેટલાક પ્રશ્નો પૂછશે. અને વિદ્યાર્થીઓ ઉત્તરોને આધારે કોઠાની પૂર્તી કરશે.

સૂચના : शिक्षकः छत्राय पुस्तकं ददाति । આ વાક્ય પરથી હું તમને કેટલાક સરળ પ્રશ્નો પૂછીશ તમારે તેના જવાબ આપવાના છે.

પ્રશ્નો : (૧) આ વાક્યમાં કઇ ક્રિયા થાય છે.

(૨) કોણ આપે છે?

(૩) શિક્ષક શું આપે છે?

(૪) શિક્ષક કોને પુસ્તક આપે છે.

(૫) “છાત્રાય” શબ્દ કયો વિભક્તિ પ્રત્યય છે?

(૬) “છાત્રાય” શબ્દમાં કયો કારાન્ત રહેલો છે?

સૌ પ્રથમ શિક્ષક ત્રણ શબ્દો કા. પા પર લખશે અને તે શબ્દો પરથી ચતુર્થી વિભક્તિનું વાક્ય બનાવશે, ત્યારબાદ વિદ્યાર્થીઓને કાર્ડ આપવામાં આવશે તે કાર્ડ પર ત્રણ શબ્દો લખેલા હશે તેમાં જે શબ્દને વિભક્તિ પ્રત્યય લગાડીને વાક્ય બનાવવાનું છે. તેની નીચે રેખા કરેલ હશે. વિદ્યાર્થી તે દરેક શબ્દોના આધારે ચતુર્થી વિભક્તિના વાક્યો બનાવશે.

સૂચના : હું તમને આ કાર્ડ આપુ છું, કાર્ડ ઉપર કેટલાક શબ્દો લખ્યા છે. તમારે તે શબ્દોનો ઉપયોગ કરી ચતુર્થી વિભક્તિનું વાક્ય બનાવવાનું છે.

| | |
|---|---|
| (१) अध्यापक – शिष्य – पारितोषिक | (१) अध्यापकः शिष्याय पारितोषिकं ददाति। |
| (२) माता - बालक – भोजन | (२) माता बालकाय भोजनं ददाति । |
| (३) इन्द्र – कर्ण – कवचकुण्डल | (३) इन्द्रः कर्णाय कवचकुण्डलं ददाति । |
| (४) आचार्य – छात्र – प्रमानपत्र | (४) आचार्यः छात्राय प्रमानपत्रं ददाति । |
| (५) राजा – ब्राह्मण – धन | (५) राजा ब्राह्मणाय धनं ददाति । |

પ્રવૃત્તિ-૨ :

શિક્ષક : શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્ર બતાવશે અને ચિત્રોના આધારે કેટલાક પ્રશ્નો પૂછશે.

સૂચના : હું તમને એક ચિત્ર બતાવીશ. તમારે ચિત્રને ધ્યાનથી જોવાનું છે અને ચિત્રને જોયા પછી તમારે જવાબ આપવાનો છે.

ચિત્ર (૧) માતા અને બાળકનું ચિત્ર



**माता बालकाय क्रीडनकं ददाति ।**

પ્રશ્નો : (૧) પ્રથમ ચિત્ર કોનું છે?

(૨) બીજા ચિત્રમાં માતાના હાથમાં શું છે?

(3) માતા બાળકને શું આપે છે?

(૪) ચિત્રમાં જોઇને ચતુર્થી વિભક્તિને લગતું વાક્ય બનાવો.

હેતુ :

- ❖ વિદ્યાર્થીઓ આપેલ શબ્દોનો ઉપયોગ કરી ચતુર્થી વિભક્તિના વાક્યો બનાવે.
- ❖ વિદ્યાર્થીઓ ચિત્રમાં જોઇને ચતુર્થી વિભક્તિના વાક્યો બનાવે.

❖ વિદ્યાર્થીઓ ચતુર્થી વિભક્તિના વાક્યોથી પરિચિત બને.

**પંચમી વિભક્તિ**

પ્રવૃત્તિ-૧ શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ એક સંસ્કૃત વાક્ય રજૂ કરશે અને કેટલક પ્રશ્નો પૂછશે.

સૂચના : **वृक्षात् पर्णं पतति ।** આ વાક્ય પરથી હું તમને કેટલાક પ્રશ્નો પૂછીશ. તમારે તેના જવાબ આપવાના છે.

પ્રશ્નો : (૧) આ વાક્યમા કઇ ક્રિયા થાય છે?

(૨) શું પડે છે?

(૩) પાંદડું ક્યાંથી છૂટું પડે છે?

(૪) વૃક્ષ શબ્દમાં કારાન્ત કયો છે?

(૫) વૃક્ષ પરથી પાંદડું પડે છે. એટલે કે છૂટું પડે છે તો કોઠામાં જુઓ અહીં કઇ વિભક્તિ આવશે?

(૬) 'वृक्षात्' શબ્દમાં વિભક્તિ પ્રત્યય કયો છે?

શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્રો અને શબ્દો આપશે. આ બંનેનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓ પંચમી વિભક્તિના વાક્યો બનાવશે.

સૂચના : હું તમને કેટલાંક ચિત્રો અને તેની સાથે કેટલાક શબ્દો લખેલું કાર્ડ આપું છું આ બંનેનો ઉપયોગ કરી તમારે પંચમી વિભક્તિના વાક્યો બનાવવાના છે.


(૧) સ્કૂલ બસમાંથી ઉતરતા વિદ્યાર્થીનું ચિત્ર

ચિત્ર અને શબ્દો (बालकः, लोकयानम्)




(૨) વૃક્ષ પરથી પડતાં ફળનું ચિત્ર

ચિત્ર અને શબ્દો (फलम्, वृक्षः)




હેતુ : વિદ્યાર્થીઓ ચિત્રો અને શબ્દોના ઉપયોગથી પંચમી વિભક્તિના વાક્યો બનાવે.

**ષષ્ઠી વિભક્તિ**

પ્રવૃત્તિ-૧ : શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ એક સંસ્કૃત વાક્ય રજૂ કરશે અને તે પરથી કેટલાક પ્રશ્નો પૂછશે.

સૂચના : 'दशरथस्य पुत्रः रामः।'આ વાક્ય પરથી હું તમને કેટલાક સરળ પ્રશ્નો પૂછીશ તમારે તેના જવાબ આપવાના છે.

પ્રશ્નો : (૧) આ વાક્યમાં દશરથ રાજાનો પુત્ર કોણ છે?

(૨) રામના પિતાનું નામ શું છે?

(૩) દશરથ અને રામ વચ્ચે શું સંબંધ છે?

(૪) દશરથ અને રામ વચ્ચે પિતાપુત્રનો સંબંધ છે. તો કોઠામાં જૂઓ કઇ વિભક્તિ આવશે.

(૫) એકનામપદનો બીજાનામપદ સાથે સંબંધ હોય તો તેને કઇ વિભક્તિ કહેવામાં આવે છે.

સૂચના : હું તમને કેટલાક કાર્ડ આપું છું, પ્રત્યેક કાર્ડમાં ચાર ખાલી જગ્યા છે. ખાલી જગ્યામાંના ( ) કૌંશમાં રહેલા શબ્દોનો ઉપયોગ કરી તમારે ખાલી જગ્યા પુરવાની છે.

(१) ______ भार्या सीता अस्ति । (राम)

(२) गणेशः _____ पुत्रः अस्ति । (शिव)

(३) अर्जूनः _____ शिष्यः अस्ति । (द्रोणाचार्य)

(४) _____ लेखनी अस्ति । (रमेश)

પ્રવૃત્તિ-૨ : શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્રો અને શબ્દો આપશે, આ બંનેનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓ ષષ્ઠી વિભક્તિના વાક્યો બનાવશે.

સૂચના : હું તમને કેટલાક ચિત્રો અને તેની સાથે કેટલાક શબ્દો લખેલું કાર્ડ આપું છું. આ બંનેનો ઉપયોગ કરી તમારે ષષ્ઠી વિભક્તિના વાક્યો બનાવવાના છે.

(૧) રામ અને સીતાનું ચિત્ર

ચિત્ર અને શબ્દો (रामः, सीता)





(૨) શિવ અને ગણેશનું ચિત્ર

ચિત્ર અને શબ્દો (शिवः, गणेशः)




પ્રવૃત્તિ-૩ : શિક્ષક વિદ્યાર્થીઓને નામપદોનું કોષ્ટક આપશે. કોષ્ટકના આધારે વિદ્યાર્થીઓ એક નામપદનો બીજા નામપદ સાથે સંબંધ જોડીને ષષ્ઠી વિભક્તિના વાક્યો બનાવશે.

સૂચના : હું તમને નામોનું કોષ્ટક આપું છું તે કોષ્ટકના આધારે તમારે ષષ્ઠી વિભક્તિના વાક્યો બનાવવાના છે.




હેતુ : ❖ વિદ્યાર્થીઓ કૌંસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરે.

❖ વિદ્યાર્થીઓ ચિત્રો અને શબ્દોનો ઉપયોગ કરીને ષષ્ઠી વિભક્તિના વાક્યો બનાવે.

❖ વિદ્યાર્થીઓ કોષ્ટકમાં આપેલા નામપદોનો ઉપયોગ કરીને ષષ્ઠી વિભક્તિના વાક્યો બનાવે.

**સપ્તમી વિભક્તિ**

પ્રવૃત્તિ-૧ : શિક્ષક વિદ્યાર્થી સમક્ષ એક વાક્ય રજૂ કરશે અને તે પરથી કેટલાક પ્રશ્નો પૂછશે.

સૂચના : 'पक्षी वृक्षे उपविशति।'આ વાક્ય પરથી હું તમને કેટલાક પ્રશ્નો પૂછીશ તમારે તેના જવાબ આપવાના છે.

પ્રશ્નો : (૧) આ વાક્યમાં પક્ષી ક્યાં બેસે છે?

(૨) 'પક્ષી' શબ્દમાં કારન્ત કયો છે?

(૩) અહીં પક્ષી વૃક્ષ પર ઉપર બેસે છે. તો નીચેના કોઠામાં જુઓ કઇ વિભક્તિ આવશે?

શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં કામ આપશે અને સંસ્કૃત વાક્યો આપશે તેમાં કઇ-કઇ વિભક્તિ આવશે તે વિશે વિદ્યાર્થીઓને નોટબુકમાં નોંધવાનું કહેવામાં આવશે.

સૂચના : ત્રણ-ત્રણ કે ચાર-ચારના જૂથમાં વહેંચાઇ જાવ હું પ્રત્યેક જૂથને સંસ્કૃત વાક્ય આપું છું તેમાં કઇ-કઇ વિભક્તિ છે? અને શા માટે? તેનો જવાબ તમારી નોટબુકમાં નોંધો.

વાક્યો : (१) रामः वने गच्छति ।

(२) माता गृहे भोजनं करोति

(३) मण्डुकः कुपे निवसति ।


(४) हसः तडागे तरति ।

(५) मयूरः वर्षाकाले नृत्यति ।

પ્રવૃત્તિ-૨ શિક્ષક બે જૂથને અલગ-અલગ ચિત્રો આપશે. વિદ્યાર્થીઓ ચિત્રોના આધારે સપ્તમી વિભક્તિના વાક્યો બનાવશે અને શબ્દો પણ આપશે. વિદ્યાર્થીઓ ચિત્રો અને શબ્દોનો ઉપયોગ કરીને સપ્તમી વિભક્તિના વાક્યો બનાવશે.

સૂચના :	તમે બધા બે જૂથમાં વહેંચાઇ જાવ, હું તમને બંને જૂથને અલગ-અલલગ ચિત્રો અને શબ્દો આપું છું. તમારે ચિત્રો અને શબ્દોનો ઉપયોગ કરીને સપ્તમી વિભક્તિના વાક્યો બનાવવાના છે.

ચિત્ર-૧ નાવ અને સમુદ્રનું ચિત્ર		શબ્દ (नौका, समुद्रः)




ચિત્ર-૨ સિંહ અને વનનું ચિત્ર		શબ્દ (सिंहः, वनम्)




હેતુ:
- ❖ વિદ્યાર્થીઓ આપેલ વાક્યોમાંથી વિવિધ વિભક્તિવાળા પદોને ઓળખે.
- ❖ વિદ્યાર્થીઓ ચિત્રો અને શબ્દોના આધારે સપ્તમી વિભક્તિના વાક્યો બનાવે.

## એકમ – ૨

## વર્તમાનકાળ પરસ્મૈપદ

**વર્તમાનકાળ પરસ્મૈપદના પ્રત્યયો**

| પુરુષ | એ.વ. | દ્વિ.વ. | બહુ. વ. |
|---|---|---|---|
| ઉત્તમ પુરુષ | मि | वः | मः |
| મધ્યમ પુરુષ | सि | थः | थ |
| અન્ય પુરુષ | ति | तः | अन्ति |

**વર્તમાનકાળના પરસ્મૈપદના પ્રત્યયોને ધાતુનો સાથે જોડીને રૂપો બનાવવા.**

દા.ત. पठ् –વાંચવું

| પુરુષ | એ.વ. | દ્વિ.વ. | બહુ. વ. |
|---|---|---|---|
| ઉત્તમ પુરુષ | पठामि | पठावः | पठामः |
| મધ્યમ પુરુષ | पठसि | पठथः | पठथ |
| અન્ય પુરુષ | पठति | पठतः | पठन्ति |

**વર્તમાનકાળના રૂપોનો વાક્યોમાં ઉપયોગ**

(૧) रेशमा फलं <u>खादति</u> ।

(૨) भार्गवः उध्यानं <u>गच्छति</u> ।

(૩) बालकौ मन्दिरं <u>गच्छतः</u> ।

(૪) अहम् अभ्यासं <u>करोमि</u> ।

(૫) बालकाः पाठशालां <u>गच्छन्ति</u> ।

(૬) त्वम् श्लोकं <u>वदसि</u>

प्रवृत्तिओ

प्रवृत्ति-१

સૂચના : શિક્ષક દ્વારા એક સંસ્કૃત વાક્ય આપવામાં આવશે. रामः जलं पिबति । નીચે જેવા પ્રશ્નો પૂછશે. જેમકે –

પ્રશ્નો : (૧) આ વાક્યમાં કઇ ક્રિયા થાય છે?

(૨) ક્રિયાવાચક શબ્દ કયો છે?

(૩) 'पिबति' માં કયો પ્રત્યય લાગ્યો છે?

(૪) પીવાની ક્રિયા કોણ કરે છે?

(૫) रामः એ કયો પુરુષ છે?

(૬) रामः એ કયું વચન કહેવાય?

(૭) 'ति' પ્રત્યયનો પુરુષ અને વચન કયો છે?

વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરોને આધારે કોઠામાં વિગતો પૂરશે અને નીચે દર્શાવેલ કોઠો તૈયાર થશે.

| **ક્રમ** | **ક્રિયાપદ** | **કાળ** | **મૂળધાતુ** | **ગણનો પ્રત્યય** | **પુરુષ** | **વચન** | **કાળવાચક પ્રત્યય** | **વિશેષતા** |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | पिबति | વ.પરસ્મૈય | पिब् | अ | ત્રી.પુ | એ.વ | ति | अ પછી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | पठामि | વ.પરસ્મૈય | पठ् | अ | પ્ર.પુ | એ.વ | मि | મ કે વ થી શરૂ થતો પ્રત્યય આવે તો अ નો 'आ' થાય છે. |
| ૩ | क्रिडावः | વ.પરસ્મૈય | क्रिड् | अ | બી.પુ | દ્વિ.વ | वः | |
| ૪ | नमामः | વ.પરસ્મૈય | नम् | अ | પ્ર.પુ | બહુ.વ | मः | |
| ૫ | कथयसि | વ.પરસ્મૈય | कथ् | अय | બી.પુ | એ.વ | सि | |
| ૬ | भजथः | વ.પરસ્મૈય | भज् | अ | બી.પુ | દ્વિ.વ | थः | |
| ૭ | गणयथ | વ.પરસ્મૈય | गण् | अय | બી.પુ | બહુ.વ | थ | |
| ૮ | नृत्यति | વ.પરસ્મૈય | नृत् | य | ત્રી.પુ | એ.વ | ति | |
| ૯ | धावतः | વ.પરસ્મૈય | धाव् | अ | ત્રી.પુ | દ્વિ.વ | तः | |
| ૧૦ | वदन्ति | વ.પરસ્મૈય | वद् | अ | ત્રી.પુ | બહુ.વ | अन्ति | |

પ્રવૃત્તિ-૨ વિદ્યાર્થીઓને ચાર્ટના આધારે બે સંસ્કૃત વાક્યો આપવામાં આવશે ત્યારબાદ વિદ્યાર્થીઓને કેટલીક ચિઠ્ઠીઓ આપવામાં આવશે. પ્રત્યેક ચિઠ્ઠીને ૧, ૨, ૩ વગેરે નંબર આપવામાં આવશે. ચિઠ્ઠીના ક્રમ પ્રમાણે વિદ્યાર્થી પાસેથી જવાબ લેવામાં આવશે, જે વિદ્યાર્થી જવાબ આપશે તે કોઠામાં જવાબ લખી કોઠાપૂર્તિ કરશે.

સૂચના : હું તમને કેટલીક ચિઠ્ઠીઓ આપુ છું. તેમાં દરેક ચિઠ્ઠીને નંબર આપેલા છે. અને ચિઠ્ઠીમાં ક્રિયાપદ, ધાતુ વગેરે લખેલું છે તમારે આ બે વાક્યોને લઇ તેના ક્રિયાપદ વગેરે ઉપર આવી કોષ્ઠમાં લખવાના છે. દા.ત. પ્રથમ નંબરની ચિઠ્ઠીમાં ક્રિયાપદ એવું લખ્યુ હોય તો તે વિદ્યાર્થી આ બે

વાક્યમાં કયા ક્રિયાપદો છે. તે ક્રિયાપદ આ કોષ્ટકના ક્રિયાપદવાળા ખાનામાં આવી લખશે पठामि વગેરે.

વાક્ય:

(१) अहं श्लोकं वदामि ।

(२) वयं क्रिडाम:

(३) त्वम् गच्छसि

(४) यूयम् पिबथ

(५) रमेश: पश्यति

(६) सैनिका: धावन्ति

ચિઠ્ઠીઓ :

| ક્રિયાપદ | મૂળધાતુ | પુરુષ | વચન | કાળવાચકપ્રત્યય |
|---|---|---|---|---|

પ્રવૃત્તિ-૩ વિદ્યાર્થીઓને જોડીમાં કામ આપવામાં આવે જેમાં પ્રત્યેક જોડીને ફ્લેશકાર્ડ આપવામાં આવશે. ફ્લેશકાર્ડ ઉપર સંસ્કૃત વાક્ય અને તેની નીચે વિશ્લેષણ કોષ્ટક હશે. વિદ્યાર્થી ઉપરના વાક્યને લઇને તેને અનુરૂપ વિશ્લેષણ કોષ્ટક ભરશે.

સૂચના : બે-બેની જોડીમાં વહેંચાઇ જાવ પ્રત્યેક જોડીને હું એક કાર્ડ આપું છું. કાર્ડની ઉપર એક સંસ્કૃત વાક્ય લખ્યુ હશે. અને તેની નીચે એક વિશ્લેષણ કોષ્ટક હશે. તમારે તે વાક્યને આધારે આ કોષ્ટક ભરવાનું છે.

| **વાક્ય** | **વાક્ય : मयूरः वर्षाकाले नृत्यति ।** | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **ક્રિયાપદ** | **ધાતુ** | **ગણનો પ્રત્યય** | **પુરુષ** | **વચન** | **કાળવાચક પ્રત્યય** | **વિશેષતા** |
| १) मयूरः वर्षाकाले नृत्यति | नृत्यति | नृत् | य | त्री. पु | એ.વ | ति | अ પછી म के व થી શરૂ થતો પ્રત્યય આવે તો ‘अ’નો आ થાય છે. |
| २) अहं भोजनं करोमि | | | | | | | |
| ३) रमेश: कन्दुकं क्षिपति | | | | | | | |
| ४) महिला: गच्छन्ति | | | | | | | |
| ५) बालकौ लिखत: | | | | | | | |

પ્રવૃત્તિ-૪ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાંક ચિત્રો અને તેની સાથે શબ્દ અને ધાતુ લખેલા કાર્ડ આપશે, વિદ્યાર્થીઓ ચિત્ર, શબ્દ અને ધાતુના ઉપયોગથી વર્તમાનકાળ પરસ્મૈપદનું વાક્ય બનાવશે.

સૂચના : હું તમને એક-એક ચિત્ર અને તેની સાથે કાર્ડમાં શબ્દ અને ધાતુ લખેલા આપું છું. તમારી પાસે રહેલું ચિત્ર અને તમને આપેલાં કાર્ડમાના શબ્દ અને ધાતુના ઉપયોગથી તમારે સંસ્કૃત વાક્ય બનાવવાનું છે.

ચિત્ર-૧ દુધ પીતી છોકરીનું ચિત્ર

**दुग्ध – पिब् (૧ ગણ – પ્રત્યય - अ)**



बालिका दुग्धं पिबति ।

ચિત્ર-૨ ગીતાનું વાંચન કરતી માતાનું ચિત્ર

गीता – पठ् (૧ ગણ – પ્રત્યય - अ)




આ પ્રવૃત્તિ પરથી, વાક્યો પરથી શિક્ષક કેટલાક પ્રશ્નો પૂછશે.

પ્રશ્નો : (૧) પ્રથમ વાક્યમાં पिबति એમ શા માટે લખાય છે?

(૨) बालिका किम् करोति?

(૩) पठति ક્રિયાપદમાં મૂળધાતુ કયો છે.

(૪) 'ति' પ્રત્યયમાં કયો પુરુષ અને વચન છે?

પ્રવૃત્તિ-૫ શિક્ષક કાર્ડ દ્વારા વિદ્યાર્થીઓને કેટલીક ખાલી જગ્યા પુરવા આપશે પ્રત્યેક ખાલીજગ્યાની જોડે કૌંસમાં ધાતુ અને ગણ લખેલા હશે. તેના ઉપયોગથી વિદ્યાર્થીઓ ખાલી જગ્યા પૂરશે.

સૂચના : હું તમને કાર્ડ આપુ છું. કાર્ડમાં ચાર ખાલી જગ્યાઓ છે. પ્રત્યેક ખાલી જગ્યાની જોડે કૌંસમાં ધાતુ અને ગણ લખેલા છે. તેના ઉપયોગથી તમારે આપલે ખાલી જગ્યા પુરવાની છે.

| |
|---|
| १. बालकः क्रिडाङ्गणं ________ । (क्रिड्-१, अ,परस्मैपद, वर्तमानकाल) |
| २. अहं मोदकं ________ । (खाद्-१, अ,परस्मैपद, वर्तमानकाल) |
| ३. रमेशः श्लोकं _________। (वद्-१, अ,परस्मैपद, वर्तमानकाल) |
| ४. शिक्षकः वार्ता ________ । (कथ्-१०, अ,परस्मैपद, वर्तमानकाल) |

પ્રવૃત્તિ-૬ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં વિભાજીત કરી પ્રત્યેક જૂથને શબ્દોના સેટ આપવામાં આવશે. જે કાર્ડ દ્વારા અપાશે. તે બન્ને શબ્દોનો ઉપયોગ કરી જે-ને જૂથ વાક્યો બનાવશે (લખશે).

સૂચના : શિક્ષક :ત્રણથી ચારના જૂથમાં વહેંચાઇ જાવ, હું પ્રત્યેક જૂથને કાર્ડ આપું છું તે કાર્ડમાં શબ્દનો સેટ આપવામાં આવ્યો છે. તેના ઉપયોગથી તમારે એક-બીજાની મદદથી પોતાની નોટબુકમાં વાક્ય બનાવી લખવાનું છે.

| | |
|---|---|
| छात्र (બે) लिख् (૪, પરસ્મૈપદ) | (१) छात्रौ लिखतः । |
| राम (તે) એક गच्छ (૧, પરસ્મૈપદ) | (२) रामः वनं गच्छति । |
| सैनिक (ઘણાબધા) धाव् (૧, પરસ્મૈપદ) | (३) सैनिकाः धावन्ति । |
| बालक (એક) खाद् (૧, પરસ્મૈપદ) | (४) बालकः मोदकं खादति । |
| शीला (એક) कथ् (૧૦, પરસ્મૈપદ) | (५) शीला वार्तां कथयति । |

પ્રવૃત્તિ-૭ વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો શિક્ષક દ્વારા બતાવવામાં આવશે. બતાવેલ ચિત્રની સાથે સંસ્કૃત શબ્દ અને ધાતુ પણ કાર્ડ દ્વારા બતાવવામાં આવશે. અને તે પરથી વિદ્યાર્થીઓ સંસ્કૃત વાક્યો બનાવશે.

સૂચના- શિક્ષકઃ મારા એક (આ) હાથમાં ચિત્ર છે. અને બીજા હાથમાં આ કાર્ડ છે જેમાં સંસ્કૃત શબ્દ અને ધાતુ છે તેના પરથી વાક્ય બનાવો.

ચિત્ર-૧ હું શાળામાં જાઉં છું.

पाठशाला, गच्छ (१ अ. परस्मैपद, वर्तमानकाल)



अहं पाठशालां गच्छामि ।

ચિત્ર-૨ અમે બે શાળામાં જઇએ છીએ.

(पाठशाला, गच्छ)



आवाम् पाठशालां गच्छावः ।

ચિત્ર-૩ અમે બધા શાળામાં જઇએ છીએ.

(पाठशाला, गच्छ)







वयं पाठशालां गच्छामः ।

ચિત્ર-૪ તે વાંચે છે.

त्वम्, पठ् (१ अ. परस्मैपद, वर्तमानकाल)



त्वम् पठसि ।

ચિત્ર-૫ તમે બે વાંચો છો.

(यूवाम्, पठ्)





यूवाम् पठथः ।

ચિત્ર-૬ તમે બધા વાંચો છો.

(यूयम्, पठ्)



यूयं पठथ ।

ચિત્ર-૭ એક બાળક રમે છે.


बालक, क्रिड् (१ अ. परस्मैपद, वर्तमानकाल)



बालक: क्रीडति ।

ચિત્ર-૮ બે બાળકો રમે છે.

(बालक, क्रिड्)



बालकौ क्रीडत: ।

ચિત્ર-૯  બધા બાળકો રમે છે.

(बालक, क्रिड्)



बालकाः क्रीडन्ति ।

## એકમ – ૩

### मम परिचयः ।

શિક્ષક : શિક્ષક વિદ્યાર્થીઓને પોતાનો પરિચય સંસ્કૃત ભાષામાં આપશે.

- ❖ मम नाम प्रवीणः
- ❖ अहं विद्यानगरे वसामि ।
- ❖ मम पितुः नाम वालजीभ्राता अस्ति ।
- ❖ मम मातुः नाम रुखीभगिनी अस्ति ।
- ❖ मम भ्रातुः नाम विनोदभ्राता अस्ति ।
- ❖ मम भगिन्याः नाम मीनाभगिनि अस्ति ।
- ❖ अहं शिक्षकः अस्मि ।

પ્રવૃત્તિ-૧ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પોતાના પરિચય વિશેનો સંવાદ (શિક્ષક એક વિદ્યાર્થીને ઊભો કરશે અને તે વિદ્યાર્થી સાથે સંસ્કૃતમાં સંવાદ કરશે.)

शिक्षकः - मम नाम प्रवीणः ।

भवतः नाम किम् ?

छात्रः - मम नाम महेशः ।

शिक्षकः - अहं विध्यनगरे वसामि ।

भवान् कुत्र वसति ?

छात्रः - अहं नडियादनगरे वसामि ।

शिक्षकः - मम पितुः नाम वालजीभ्राता अस्ति ।

भवतः पितुः नाम किम् ?

छात्रः - मम पितुः नाम परेशभ्राता अस्ति ।

शिक्षकः - मम मातुः नाम रुखीभगिनि अस्ति ।

भवतः मातुः नाम किम् ?

छात्रः - मम मातुः नाम लताभगिनि अस्ति ।

शिक्षकः - मम भ्रातुः नाम विनोदभ्राता अस्ति ।

भवतः भ्रातुः नाम किम् ?

छात्रः - मम भ्रातुः नाम निलेशभ्राता अस्ति ।

शिक्षकः - मम भगिन्याः नाम मीनाभगिनि अस्ति ।

भवतः भगिन्याः नाम किम् ?

छात्रः - मम भगिन्याः नाम मेघनाभगिनि अस्ति ।

शिक्षकः -	अहं शिक्षकः अस्ति ।

भवान् कः ?

छात्रः -	अहं छात्रं अस्मि ।

**छात्रः छात्रा च परिचयः संवाद**

छात्रः -	नमो नमः ।

छात्रा -	नमो नमः ।

छात्रः -	मम नाम चिरागः ।

भवत्याः नाम किम् ?

छात्रा -	मम नाम दिव्या ।

भवतः नाम किम् ?

छात्रः -	मम नाम दिनेशः ।

भवत्याः पितुः नाम् ?

छात्रा -	मम पितुः नाम विकासः ।

भवतः पितुः नाम किम् ?

छात्रः -	मम पितुः नाम रविशः ।

भवत्याः मातुः नाम किम् ?

छात्रा -	मम मातुः नाम पूजा ।

भवतः मातुः नाम किम् ?

छात्रः -	मम मातुः नाम दिक्षा ।

भवत्याः भ्रातुः नाम किम् ?

छात्रा - मम भ्रातुः नाम व्रजः ।

भवतः भ्रातुः नाम किम् ?

छात्रः - मम भ्रातुः नाम श्वेतः ।

भवत्याः भगिन्याः नाम किम् ?

छात्रा - मम भगिन्याः नाम खुश्बु ।

भवान् किं करोति ?

छात्रः - अहं छात्रः अस्मि ।

भवती किं करोति ?

छात्रा - अहं अपि छात्रा अस्मि ।

भवान् कुत्र वसति ?

छात्रः - अहं नडियादनगरे वसामि ।

भवती कुत्र वसति ?

छात्रा - अहं अपि नडियादनगरे वसामि ।

छात्रः - पुनः मिलामः ।

छात्रा - आम् पुनः मिलिष्यामः ।

## એકમ – ૪

### सङ्ख्या

શિક્ષક સંસ્કૃત સંખ્યાવાચક શબ્દોનો ચાર્ટ વર્ગ સમક્ષ રજુ કરશે અને સંસ્કૃત સંખ્યાવાચક શબ્દોની સમજ આપશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| १. | एकम् | २१. | एकविंशतिः | ४१. | एकचत्वारिंशत् | ६१. | एकषष्टिः | ८१. | एकाशीतिः |
| २. | द्वे | २२. | द्वाविंशतिः | ४२. | द्विचत्वारिंशत् | ६२. | द्विषष्टिः | ८२. | द्वाशीतिः |
| ३. | त्रीणि | २३. | त्रयोविंशतिः | ४३. | त्रिचत्वारिंशत् | ६३. | त्रिषष्टिः | ८३. | त्र्यशीतिः |
| ४. | चत्वारि | २४. | चतुर्विंशतिः | ४४. | चतुश्चत्वारिंशत् | ६४. | चतुःषष्टिः | ८४. | चतुरशीतिः |
| ५. | पञ्च | २५. | पञ्चविंशतिः | ४५. | पञ्चचत्वारिंशत् | ६५. | पञ्चषष्टिः | ८५. | पञ्चाशीतिः |
| ६. | षट् | २६. | षड्विंशतिः | ४६. | षट्चत्वारिंशत् | ६६. | षट्षष्टिः | ८६. | षडशीतिः |
| ७. | सप्त | २७. | सप्तविंशतिः | ४७. | सप्तचत्वारिंशत् | ६७. | सप्तषष्टिः | ८७. | सप्ताशीतिः |
| ८. | अष्ट | २८. | अष्टाविंशतिः | ४८. | अष्टचत्वारिंशत् | ६८. | अष्टषष्टिः | ८८. | अष्टाशीतिः |
| ९. | नव | २९. | नवविंशतिः | ४९. | नवचत्वारिंशत् | ६९. | नवषष्टिः | ८९. | नवाशीतिः |
| १०. | दश | ३०. | त्रिंशत् | ५०. | पञ्चाशत् | ७०. | सप्ततिः | ९०. | नवतिः |
| ११. | एकादश | ३१. | एकत्रिंशत् | ५१. | एकपञ्चाशत् | ७१. | एकसप्ततिः | ९१. | एकनवतिः |
| १२. | द्वादश | ३२. | द्वात्रिंशत् | ५२. | द्विपञ्चाशत् | ७२. | द्विसप्ततिः | ९२. | द्विनवतिः |
| १३. | त्रयोदश | ३३. | त्रयस्त्रिंशत् | ५३. | त्रिपञ्चाशत् | ७३. | त्रिसप्ततिः | ९३. | त्रिनवतिः |
| १४. | चतुर्दश | ३४. | चतुस्त्रिंशत् | ५४. | चतुष्पञ्चाशत् | ७४. | चतुस्सप्ततिः | ९४. | चतुर्णवतिः |
| १५. | पञ्चदश | ३५. | पञ्चत्रिंशत् | ५५. | पञ्चपञ्चाशत् | ७५. | पञ्चसप्ततिः | ९५. | पञ्चनवतिः |
| १६. | षोडश | ३६. | षट्त्रिंशत् | ५६. | षट्पञ्चाशत् | ७६. | षट्सप्ततिः | ९६. | षण्णवतिः |
| १७. | सप्तदश | ३७. | सप्तत्रिंशत् | ५७. | सप्तपञ्चाशत् | ७७. | सप्तसप्ततिः | ९७. | सप्तनवतिः |
| १८. | अष्टादश | ३८. | अष्टात्रिंशत् | ५८. | अष्टपञ्चाशत् | ७८. | अष्टसप्ततिः | ९८. | अष्टनवतिः |
| १९. | नवदश | ३९. | नवत्रिंशत् | ५९. | नवपञ्चाशत् | ७९. | नवसप्ततिः | ९९. | नवनवतिः |
| २०. | विंशतिः | ४०. | चत्वारिंशत् | ६०. | षष्टिः | ८०. | अशीतिः | १००. | शतम् |

વિદ્યાર્થીઓ સંખ્યાવાચક શબ્દોનો પરિચય મેળવે.

પ્રવૃત્તિ-૧ કોષ્ટકમાંથી સંખ્યા શોધી કાઢવાની રમત

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪ | ૧૧ | ૨ | ૨૭ | ૯ |
| ૧ | ૨૫ | ૧૯ | ૪ | ૧૬ |
| ૨૯ | ૨૫ | ૬ | ૨૩ | ૧૮ |
| ૧૨ | ૩ | ૧૭ | ૧૦ | ૭ |
| ૨૨ | ૩૦ | ૮ | ૧૪ | ૨૦ |
| ૨૮ | ૧૩ | ૫ | ૨૧ | ૨૬ |

શિક્ષક વિદ્યાર્થીઓનાં બે જૂથ પાડશે, બંને જુથમાંથી એક-એક વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. તે બંને વિદ્યાર્થીઓને ઝડપથી કોઇપણ એક સંખ્યા શોધી કાઢવાનું શિક્ષક દ્વારા કરેવામાં આવશે દા.ત. षड्विंशति: જે વિદ્યાર્થી સંખ્યા પ્રથમ શોધી કાઢી તેના જૂથને એક ગુણ મળે. જે જૂથને વધુ ગુણ મળે તે જૂથ જીતે. (બધા વિદ્યાર્થીઓનો વારો આવે.)

પ્રવૃત્તિ-૨ શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના ત્રણ જૂથ પાડવામાં આવશે. આ ત્રણેય જૂથને ચોરસ અને વર્તુળ પ્રકારના ત્રણ કોષ્ટકો આપવામાં આવે છે. આ ચોરસ અને વર્તુળમાં જોઇને વિદ્યાર્થીઓએ તર્ક શક્તિનો ઉપયોગ કરીને ખૂટતો અંક શોધવાનો છે.

સૂચના: ખાલી ખાનામાં યોગ્ય અંક મૂકો : તમે મૂકેલી સંખ્યાને બહારના ભાગમાં સંસ્કૃત શબ્દોમાં લખો.

(१)

| | | | | |
|---|---|---|---|---|
| ६ | X | ३ | = | १८ |
| + | | X | | + |
| ३ | - | ३ | = | ०० |
| = | | = | | = |
| ९ | + | ६ | = | १८ |

(१) ________ ।

(२) ________ ।


(३) ________ ।

(४) ________ ।

(५) ______


___ ।

(२)




(१) ______________।    (२) ______________।    (३) ______________।

(३)



પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓના બે જૂથ પાડશે. શિક્ષક બંને જૂથોને કેટલાક શબ્દો કે વાક્યો આપશે. વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલ શબ્દો કે વાક્યોને આધારે તેમને આપેલું કોષ્ટક પૂરશે. એક જૂથને સંસ્કૃત અંકોમાં કોષ્ટક પૂરવાનું કહેવામાં આવશે. અને બીજા જૂથને સંસ્કૃત શબ્દોમાં કોષ્ટક પૂરવાનું કહેવામાં આવશે. જેમ કે –

| **શબ્દો કે વાક્યો** | **સંસ્કૃત અંકમાં** | **સંસ્કૃત શબ્દોમાં** |
|---|---|---|
| (१) शिवस्य नेत्राणि | | |
| (२) पाण्डवाः | | |
| (३) मानवस्य नेत्रे | | |
| (४) रावणस्य मस्तकानि | | |
| (५) वासराः | | |
| (६) त्रयाणां शशकानाः कर्णाः | | |
| (७) पग्चशृगालानां पादाः | | |
| (८) वर्षे मासाः | | |

## એકમ – ૫

### समय:

શિક્ષક વિદ્યાર્થીઓને સમયવાચક શબ્દોની સમજ આપશે જેમ કે

| | |
|---|---|
| ०१:०० = एकवादनम् । | ०५:०५ = पञ्चाधिकपञ्चवादनम् । |
| ०२:१५ = सपादद्विवादनम्। | ०६:१० = दशाधिकषड्वादनम् । |
| ०३:३० = सार्धत्रिवादनम् । | ०७:५५ = पञ्चोअष्टवादनम् । |
| ०४:४५ = पादोनपञ्चवादनम् । | ०८:५० = दशोननववादनम् । |

વિદ્યાર્થીઓ સમયવાચક શબ્દોનો પરિચય મેળવે.

શિક્ષક સમયવાચક શબ્દનો ઉપયોગ કરીને પોતાની દિનચર્યાનું વર્ણન કરશે. જેમ કે-

मम नाम प्रविण: अस्ति ।

अहं पञ्चवादने उत्तिष्ठामि ।

अहं सपादपञ्चवादने दंतधावनं करोमि ।

अहं सार्धपञ्चवादने स्नानं करोमि ।

अहं पादोनषड्वादने प्रार्थनां करोमि ।

अहं षड्वादने चायं कोकि वा अल्पाहारं करोति ।

अहं सप्तवादने विद्यालयं गच्छामि । तत्र संस्कृत विषयं पाठयामि ।

अहं सार्धद्वादशवादने विद्यालयत: महाविद्यालयं आगच्छामि ।

अहं महाविद्यालये विविधानि विषयानि पठामि ।

अहं सायं सार्धपञ्चवादने महाविद्यालयतः गृहम् गच्छामि ।

अहं षड्वादने पुस्तकं पठामि तदनंतरं लेखनं करोमि ।

अहं सपादअष्टवादने भोजनालयं गचछामि । तत्र अहं भोजनं करोमि ।

अहं रात्रौ नववादने शयनं करोमि ।

વિદ્યાર્થીઓ દિનચર્યા વિશેનો પરિચય મેળવે.

પ્રવૃત્તિ-૧ શિક્ષક વિદ્યાર્થીઓને કોષ્ટક આપશે અને કોષ્ટકના આધારે વિદ્યાર્થીઓ પોતાની દિનચર્યાનું વર્ણન કરશે.

વિદ્યાર્થીઓ કોષ્ટક પરથી વાક્યો બનાવશે.

**अहम्**

| **अ** | **ब** | **क** |
|---|---|---|
| प्रातः | पञ्चवादने<br>सपादपञ्चवादने<br>पादोनपञ्चवादने<br>षड्वादने<br>सार्धषड्वाद्रे | अल्पाहारम्<br>स्नानम्<br>दन्तधावनम्<br>उत्थानम्<br>प्रार्थनाम् |
| मध्याह्ने | द्वादशवादने<br>एकवादने<br>पञ्चाधिकद्विवादने<br>पञ्चोनत्रिवादने | पठनम्<br>गृहकार्यं<br>विराम्<br>भोजनम् |

| | | |
|---|---|---|
| सायं | चतुरवादने<br>दशाधिकचतुरवादने<br>दशोनपञ्चवादने<br>सार्धपञ्चवादने<br>षड्वादने | क्रिडाडंगणम्<br>वार्तालापम्<br>कथाश्रवणम्<br>अध्ययनम्<br>दुरद्र्शनम् |
| रात्रौ | सप्तवादने<br>अष्टवादने<br>नववादने<br>दशवादने | शयनम्<br>पठनम्<br>भोजनम्<br>प्रार्थनाम् |

વિદ્યાર્થીઓ સમયવાચક શબ્દનો ઉપયોગ કરીને પોતાની દિનચર્યાનું વર્ણન કરશે.

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓના ત્રણ જૂથો પાડશે. અને ત્રણેય જૂથને ૧, ૨, અને ૩ નંબરો આપવામાં આવશે. શિક્ષક પ્રથમ જૂથને પોતાની દિનચર્યા વર્તમાનકાળમાં બોલવાનું કહેશે, બીજા જૂથને પોતાની દિનચર્યા ભૂતકાળમાં બોલવાનું કહેશે. અને ત્રીજા જૂથને પોતાની દિનચર્યા ભવિષ્યકાળમાં બોલવાનું કહેશે. જેમ કે-

| | | | |
|---|---|---|---|
| પ્રથમ જૂથ | अद्य | अहं पञ्चवादने उत्तिष्ठामि । | (વર્તમાનકાળ) |
| બીજુ જૂથ | ह्य: | अहं पञ्चवादने उत्तिष्ठामि स्म । | (ભૂતકાળ) |
| ત્રીજુ જૂથ | श्व: | अहं पञ्चवादने उत्तिष्ठिष्यामि । | (ભવિષ્યકાળ) |

વિદ્યાર્થીઓ વર્તમાનકાળ, ભૂતકાળ અન ભવિષ્યકાળનો પરિચય મેળવે.

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને બસનું સમયપત્રક આપશે અને વિદ્યાર્થીઓ સમયપત્રકને આધારે વાક્યો બનાવશે.

| બસનું સમયપત્રક | | |
|---|---|---|
| રૂટ | આગમન | નિર્ગમન |
| उपलेटा – राजकोट | ०३:०० | ०९:१० |
| पोरबन्दर – अमदावाद | १०:१० | १०:२० |
| बाटवा – वडोदरा | १२:१५ | १२:३० |
| जोधपुर – जसदण | १५:०५ | १५:१० |
| अमरेलि – धोराजी | १६:३० | १६:३५ |

ઉદાહરણ - उपलेटा – राजकोट लोकयानम् ०९:०० वादने आगच्छति एवं ९:२० वादने गच्छति।

પ્રવૃત્તિ-૪ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો આપશે. ચિત્રો પર ૧, ૨, ૩ વગેરે નંબરો આપેલા હશે. શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્ર પરથી સમયવાચક શબ્દોનો ઉપયોગ કરીને વાક્ય બનાવવાનું કહેશે. વિદ્યાર્થીઓ ચિત્રને આધારે વાક્યો બનાવશે. ચિત્ર ઉપરથી વાક્યો બની ગયા પછી શિક્ષક ૧૦ નંબરનું ચિત્ર જે વિદ્યાર્થી પાસે છે. તેને વાક્ય બોલવાનું કહેશે અને શિક્ષક તે વાક્યને બોર્ડ પર નોંધ કરશે. ત્યાર પછી ૫ નંબરનું ચિત્ર જે વિદ્યાર્થી પાસે હશે તેને વાક્ય બોલવાનું કહેશે. અને શિક્ષક તે વાક્ય બોર્ડ પર નોંધ કરે કરશે. તેમાં વારાફરથી જેમ કે ૩, ૭, ૨, ૯, ૧, ૬, ૪, ૮ વગેરે

નંબરવાળા વિદ્યાર્થીઆને ચિત્રો પરથી બનાવેલા વાક્યો બોલાવશે અને તેની નોંધ શિક્ષક બોર્ડ પર કરે છે. બધા જ વાકંયોની બોર્ડ પર નોંધ થઇ ગાય પછી શિક્ષક વિદ્યાર્થીઓને વાક્યો ક્રમમાં ગોઠવવાનું કહેશે. વિદ્યાર્થીઓ વાક્યોને ક્રમમાં ગોઠવશે.

વિદ્યાર્થીઓ વાક્યોને ક્રમમાં ગોઠવશે.

શિક્ષકે પ્રત્યેક ક્રિયાઓ જુદા-જુદા ક્રમમાં આપેલી હશે. તેને વિદ્યાર્થીઓ સમયવાચક શબ્દોનો ઉપયોગ કરીને ક્રમમાં ગોઠવશે.

ચિત્ર જોઇને સમય નોંધીને વાક્યો લખો-



(१) प्रातः षड्वादने उत्तिष्ठति ।




(२) बालकः प्रातः सार्धषड्वादने दन्तधावनं करोति ।



(३) बालकः प्रातः पादोनसप्तवादने स्नानं करोति ।



(४) बालकः प्रातः सप्तवादने वस्त्रधारणं करोति ।




(५) बालकः प्रातः सपादसप्तआदने केशसंवाहनं करोति ।



(६) बालकः प्रातः सार्धसप्तवादने पठनं करोति ।




(७) बालका: प्रात: एकादशवादने विद्यालयं गच्छन्ति ।



(८) छात्रा: प्रात: पञ्चाधिकएकादशवादने विद्यालये प्रार्थनां कुर्वन्ति ।



(९) छात्रा: मध्याह्ने सार्धएकादशवादने विरामसमये विद्यालये क्रीड़ांगणे क्रीडन्ति ।



(१०) बालका: बालिका: च सायं पग्चवादने दुरदर्शनं पश्यन्ति ।

## એકમ – ૬

### સર્વનામ

શિક્ષક વિદ્યાર્થીઓને રોજિંદા જીવનવ્યવહારમાં ઉપયોગ આવતાં સર્વનામોની સમજ આપશે. જેમ કે

| **એકવચન** | | **બહુવચન** | |
|---|---|---|---|
| **નજીક માટે** | **દૂર માટે** | **નજીક** | **દૂર** |
| પુલ્લિંગ एषः | सः | एते | ते |
| સ્ત્રીલિંગ एषा | सा | एताः | ताः |
| ન.પુ.સકલિંગ एतत् | तत् | एतानि | तानि |

વિદ્યાર્થીઓ સર્વનામના રૂપોનો પરિચય મેળવે.

### એકવચન

### પુલ્લિંગ : एषः - सः

પ્રવૃત્તિ-૧ શિક્ષક બે છોકરાઓને ઊભા કરશે અને પોતાની પાસે બોલાવશે. આ બંને છોકરાઓમાંથી એક છોકરાને પોતાની નજીક ઊભો રાખશે અને બીજા છોકરાને પોતાનાથી થોડો દૂર ઊભો રાખશે. શિક્ષક બંને વિદ્યાર્થીઓનું નામ પૂછશે. અને આ નામોની સાથે સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીક અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –

પ્રવૃત્તિ-૧ શિક્ષક એક વિદ્યાર્થીને પોતાની નજીક ઊભો રાખીને વાક્ય બોલશે. एषः रमेशः। ત્યાર બાદ દૂર ઊભા રહેલા વિદ્યાર્થીનું નામ બોલશે. सः महेशः।

શિક્ષકે બોલેલા વાક્યોને આધારે વિદ્યાર્થીઓ પણ પોતાની નજીક બેઠેલા અને પોતાનાથી દૂર બેઠેલા વિદ્યાર્થીનું નામ બોલશે. જેમ કે-

(१) एषः प्रकाशः सः मयूरः ।

(२) एषः प्रवीणः सः राजेशः ।

(३) एषः भरतः सः किशोरः ।

(४) एषः जयेशः सः परेशः ।

(५) एषः नरेशः सः सुरेशः ।

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક પ્રાણીઓના નામ આપશે. વિદ્યાર્થીઓ પ્રાણીઓના નામોની સાથે સર્વનામનો ઉપયોગ કરીને જીક અને દૂરના વાક્યો બનાવશે. શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા શબ્દો જેમ કે – व्याघ्रः, गजः, शशकः, शृगालः, सिंह, उष्टः, वृषभः, श्वानः, गर्दभः, अश्वः

વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા શબ્દોને આધારે સર્વનામનો ઉપયોગ કરીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે-

(१) एषः व्याघ्रः सः गजः ।

(२) एषः शशकः सः शृगालः ।

(३) एषः सिंहः सः उष्टः ।

(४) एषः वृषभः सः श्वानः ।

(५) एषः गर्दभः सः अश्वः ।

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો આપશે. વિદ્યાર્થીઓ ચિત્રમાં જોઇને સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે.

ચિત્ર-૧




ચિત્ર-૨




ચિત્ર-૩




**સ્ત્રીલિંગ : एषा - सा**

પ્રવૃત્તિ-૧

❖ શિક્ષક બે છોકરીઓને બોલાવશે અને બંને છોકરીઓમાંથી એક છોકરીને પોતાની નજીક ઊભી રાખશે અને બીજી છોકરીને પોતાનાથી થોડે દૂર ઊભી રાખશે. શિક્ષક બંને છોકરીઓને પોતાના નામ બોલવાનું કહેશે. બંને છોકરીએ પોતાનું નામ શિક્ષકને જણાવશે. શિક્ષક નામોની સાથે સર્વાનામના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવશે. જેમ કે- પોતાની નજીક ઊભી રહેલ છોકરીનું નામ બોલશે. एषा मेघना । હવે દૂર રહેલી છોકરીનું નામ બોલશે. सा विश्वा ।

❖ વિદ્યાર્થીઓ પોતાની નજીક બેઠેલા અને દૂર બેઠેલી વિદ્યાર્થીનીઓનું સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નામો બોલશે.

જેમકે
(१) एषा दिव्या सा सुमित्रा ।
(२) एषा जानकी सा लता ।
(३) एषा माला सा स्नेहा ।
(४) एषा हर्षिदा सा वृन्दा ।
(५) एषा मैत्री सा मानसी ।

પ્રવૃત્તિ-૨

❖ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક સ્ત્રીલિંગવાચક પ્રાણીઓના નામો આપશે. તેના આધારે વિદ્યાર્થીઓ સર્વનામોના રૂપોનો ઉપયોગ કરીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે-

  - શિક્ષકે આપેલા સ્ત્રીલિંગ વાચક નામો : पिपलिका, अजा, महिषी, धेनु, વગેરે.


(१) एषा पिपलिका        सा अजा ।

(२) एषा धेनु       सा महिषी ।

પ્રવૃત્તિ-3

❖ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો આપશે. વિદ્યાર્થીઓ ચિત્રમાં જોઇને સ્ત્રીલિંગવાચક સર્વનામોના રૂપોનો ઉપયોગ કરીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે-

ચિત્ર-૧




ચિત્ર-૨




ચિત્ર-3




## નપુસકલિંગ : एतत् – तत्

પ્રવૃત્તિ-૧

- શિક્ષક વર્ગમાં રહેલી નપુસકલિંગ શબ્દોનો પરિચય કરાવશે. જેમ કે वातायनम्, व्यजनम्, पुस्तकम्, पिग्जफलकम् વગેરે.
- શિક્ષક બારીની પાસે ઊભા રહેશે અને વાક્ય બોલશે. एतत् वातायनम्, પંખા પાસે જશે અને વાક્ય બોલશે. एतत् व्यजनम्, બારણા પાસે જશે અને વાક્ય બોલશે. एतत् द्वारम्, બ્લેક બોર્ડ પાસે જશે અને વાક્ય બોલશે. एतत् कृष्णफलकम् વગેરે. હવે આ બધી વસ્તુઓથી શિક્ષક દૂર રહીને વાક્યો બોલશે. જેમ કે-

  (१) तत् वातायनम्

  (२) तत् व्यजनम्

  (३) तत् द्वारम्

  (४) तत् कृष्णफलकम्

  (५) तत् पुस्तकम्

પ્રવૃત્તિ-૨

❖ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક શબ્દો આપશે અને વિદ્યાર્થીઓ શબ્દોને આધારે સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નપુસકલિંગ વાક્યો નજીક અને દૂરના વાક્યો બનાવશે.

- શિક્ષકે આપેલા શબ્દો: पात्रम्, चित्रम्, विद्यालयम्, मन्दिरम्, उद्यानम्, पुस्तकालयम्, पत्रम्, लोकयानम्, रेलयानम्, विमानम्, सङ्गणकम्, ध्वनियंत्रम्, दुरदर्शनम्
- વિદ્યાર્થીઓ નજીક અને દૂરના વાક્યો બનાવશે.

(१) एत्तत् पात्रम्　　　तत् चित्रम् ।

(२) एत्तत् पत्रम्　　　तत् लोकयानम् ।

(३) एत्तत् मन्दिरम्　　　तत् उद्यानम् ।

(४) एत्तत् पुस्तकालयम्　　　तत् विद्यालयम् ।

(५) एत्तत् सङ्गलकम्　　　तत् दुरदर्शनम् ।

પ્રવૃત્તિ-૩

❖ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો આપશે અને ચિત્રોને આધારે વિદ્યાર્થીએ સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીક અને દૂરના નપુસકલિંગ વાક્યો બનાવશે.

ચિત્ર-૧




ચિત્ર-૨




ચિત્ર-૩




પ્રવૃત્તિ-૪

- શિક્ષક વિદ્યાર્થીઓના ત્રણ જૂથ પાડશે. પ્રથમ જૂથ, બીજૂ જૂથ અને ત્રીજુ જૂથ
- શિક્ષક પ્રથમ જૂથને પુલ્લિંગ અને સ્રીલિંગના શબ્દો આપશે. વિદ્યાર્થીઓ સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને પુલ્લિંગ-સ્રીલિંગના નજીક અને દૂરના વાક્યો બનાવશે.

- શિક્ષકે આપેલા પુલ્લિંગ-સ્ત્રીલિંગ શબ્દો :

  महेशः, लता, शशकः, अजा, श्वानः, बालिका, अश्वः, महिला, गजः, पिपलिका, गर्दमः, महिषी

- વિદ્યાર્થીઓ વાક્યો બનાવશે. જેમ કે-

  (१) एषः महेशः सा लता ।

  (२) एषः अजा स श्वानः ।

❖ શિક્ષક બીજા જૂથને પુલ્લિંગ અને નપુસકલિંગના શબ્દો આપશે. વિદ્યાર્થીઓ સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને પુલ્લિંગ અને નપુસકલિંગના નજીક અને દૂરના વાક્યો બનાવશે.

- શિક્ષકે આપેલા પુલ્લિંગ-નપુસકલિંગ શબ્દો :

  शशकः, पुस्तकम्, श्वानः, वातायनम्, अश्वः, द्वारम्, गजः, कृष्णफलकम्, नरेशः, सड्गणकम्

- વિદ્યાર્થીઓ વાક્યો બનાવશે. જેમ કે –

  (१) एषः शशकः तत् पुस्तकम्

  (२) एतत् वातायनम् सः अश्वः।

❖ શિક્ષક ત્રીજા જૂથને સ્ત્રીલિંગ અને નપુસકલિંગ શબ્દો આપશે. વિદ્યાર્થીઓ સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને સ્ત્રીલિંગ –નપુસકલિંગના નજીક અને દૂરના વાક્યો બનાવશે.

- શિક્ષકે આપેલા સ્ત્રીલિંગ અને નપુસકલિંગ શબ્દો :

  अजा, पात्रम्, महिषी, चित्रम्, लता, व्यजनम्, महिला, लोकयानम्, बालिका, विमानम्

- વિદ્યાર્થીઓ વાક્યો બનાવશે. જેમ કે –

(१) एषा अजा तत् विमानम् ।

(२) एतत् लोकयानम् सा महिला

**બહુવચન**

**પુલ્લિંગ : एते - ते**

પ્રવૃત્તિ-૧ શિક્ષક છ છોકરાઓને ઊભા કરશે અને પોતાની પાસે બોલાવશે, છ છ છોકરાઓમાંથી ત્રણ છોકરાઓને પોતાની પાસે ઊભા રાખશે અને ત્રણ છોકરાઓને થોડા દૂર ઊભા રાખશે.

- શિક્ષક પોતાની પાસે ઊભા રાખેલા છોકરાઓને કેન્દ્રમાં રાખીને વાક્ય બોલશે. જેમ કે एते बालकाः । અને દૂર ઊભા રાખેલા વિદ્યાર્થીઓ માટે વાક્ય બોલશે. ते बालकाः ।

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક પુલ્લિંગવાચક શબ્દો આપશે અને વિદ્યાર્થીઓ પુલ્લિંગવાચક શબ્દોને સર્વનામના રૂપોની સાથે જોડીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –

- શિક્ષકે આપેલા પુલ્લિંગ શબ્દો :

गजाः, शशकाः, स्वानाः, अश्वाः, शृगालाः


- વિદ્યાર્થીઓ વાક્યો બનાવશે જેમ કે-

(१) एते गजाः ते शशकाः ।


(२) एते स्वानाःते अश्वाः ।

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો આપશે અને ચિત્રોને આધારે વિદ્યાર્થીઓ સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીક અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –


ચિત્ર-૧




ચિત્ર-૨




ચિત્ર-૩



## સ્ત્રીલિંગ – एताः - ताः

પ્રવૃત્તિ-૧ શિક્ષક છ છોકરીઓને પોતાની પાસે બોલાવશે અને ત્રણ છોકરીઓને પોતાની પાસે ઊભા રહેવાનું કહેશે અને બીજી ત્રણ છોકરીઓને દૂર ઊભા રહેવાનું કહેશે. શિક્ષક પોતાની પાસે ઊભી રહેલી છોકરીઓ માટે વાક્ય બોલશે. જેમ કે एताः बालिकाः । અને દૂરની છોકરીઓ માટે વાક્ય બોલશે. ताः बालिकाः

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક સ્ત્રીલિંગવાચક શબ્દો આપશે અને તેમને નજીકના અને દૂરના વાક્યો બનાવવાનું કહેશે. અને વિદ્યાર્થીઓ આ સ્ત્રીલિંગવાચક શબ્દોને સર્વનામના રૂપોની સાથે જોડીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે.

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા સ્ત્રીલિંગવાચક શબ્દો :

  बालिकाः, महिलाः, शालाः, छात्राः, अजाः

- વિદ્યાર્થીઓ વાક્યો બનાવશે. જેમ કે-

  (१) एताः महिलाः ।

  ताः बालिकाः ।

  (२) एताः छात्राः ।


  ताः युवत्याः ।

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો આપશે. વિદ્યાર્થીઓ ચિત્રોને આધારે નજીક અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –


ચિત્ર-૧




ચિત્ર-૨




ચિત્ર-૩



## નપુસકલિંગ – एतानि – तानि

પ્રવૃત્તિ-૧ શિક્ષક પોતાના હાથમાં ત્રણ કે ચાર પુસ્તકો રાખીને વાક્ય બોલશે. एतानि पुस्तकानि આ પુસ્તકોને થોડે દૂર મૂકીને વાક્ય બોલશે. तानि पुस्तकानि

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક શબ્દો આપશે અને આ શબ્દોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે-

- શિક્ષકે આપેલા શબ્દો : व्यजनानि, पात्राणि, चित्राणि, द्वाराणि, वातायनानि, पत्राणि વગેરે
- વિદ્યાર્થીઓ સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવશે. જેમ કે-

(१) एतानि व्यजनानि। तानि चित्राणि ।

(२) एतानि द्वाराणि । तानि वातायनानि । વગેરે

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ચિત્રો આપશે. ચિત્રોને આધારે વિદ્યાર્થીઓ સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીક અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –


ચિત્ર-૧



ચિત્ર-૨




ચિત્ર-૩




પ્રવૃત્તિ-૪ શિક્ષક વિદ્યાર્થીઓના ત્રણ જૂથ પાડશે, પ્રથમ જૂથ, બીજૂ જૂથ અને ત્રીજુ જૂથ

- શિક્ષક પ્રથમ જૂથે પુલ્લિંગ અને સ્ત્રીલિંગના શબ્દો આપશે અને તેમને સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવવાનું કહેશે. વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા શબ્દોનો સર્વનામના રૂપોની સાથે જોડીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –
  - શિક્ષકે આપેલા પુલ્લિંગ-સ્ત્રીલિંગ શબ્દો : शशका:, युवका:, शिक्षका:, अध्यापका:, महिला:, अजा: शिक्षिका:, पिपलिका:, अध्यापिका:, गजा:

- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા શબ્દોને આધારે સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –

  (१) एते शिक्षका:     ता: शिक्षिका: ।

  (२) एता: बालिका:     ते गजा: ।

  (३) ता: महिला:     एते अश्वा: ।

  (४) ते अध्यापका:     एता: अध्यापिका: ।

  (५) एते युवका:     ता: अजा: ।

❖ શિક્ષક બીજા જૂથને પુલ્લિંગ અને નપુસંકલિંગ શબ્દો આપશે. તેમને સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવવાનું કહેશે. વિદ્યાર્થી શિક્ષકે આપેલા શબ્દોને સર્વનામના રૂપોની સાથે જોડીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –

- શિક્ષકે આપેલા પુલ્લિંગ અને નપુસંકલિંગ શબ્દો : शशका:, पुस्तकानि, अश्वा:, द्वाराणि, श्वाना:, चित्राणि, गजा:, वातायनानि, पुरुषा:, पत्राणि વગેરે
- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા શબ્દોને આધારે સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –

  (१) एते शशका:     तानि पुस्तकानि ।

  (२) एतानि द्वाराणि     ते अश्वा: ।

  (३) तानि चित्राणि     एते गजा: ।

  (४) ते पुरुषा:     एतानि वातायनानि ।

❖ શિક્ષક ત્રીજા જૂથને સ્ત્રીલિંગ અને નપુસંકલિંગ શબ્દો આપશે અને તેમને સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવવાનું કહેશે. વિદ્યાર્થીઓ શિક્ષકે

આપેલા શબ્દોને સર્વનામના રૂપોની સાથે જોડીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –

- શિક્ષકે આપેલા સ્ત્રીલિંગ અને નપુસંકલિંગ શબ્દો : महिला:, पत्राणि, शिक्षिका:, लोकयनानि, अध्यापिका:, द्वाराणि, पिपलिका:, वातायनानि, अजा:, व्यजनानि વગેરે
- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા શબ્દોને આધારે સર્વનામના રૂપોનો ઉપયોગ કરીને નજીકના અને દૂરના વાક્યો બનાવશે. જેમ કે –

| | |
|---|---|
| (१) एता: महिला: | तानि पत्राणि । |
| (२) एतानि लोकयनानि | ता: शिक्षिका: । |
| (३) तानि द्वाराणि | एता: अध्यापिका: । |
| (४) ता: अजा: | एतानि व्यजनानि । |
| (५) एता: पिपलिका: | तानि वातायनानि । |

## એકમ – ૭

## प्रहेलिका । (ઉખાણાં)

- ❖ શિક્ષક કેટલીક प्रहेलिकाઓ ચાર્ટ દ્વારા વર્ગમાં રજૂ કરશે. વિદ્યાર્થીઓ પ્રહેલિકાઓનું સંધિયુક્ત અને સંધિમુક્ત વાંચન કરશે: જેમ કે – શિક્ષકે ચાર્ટ પર લખેલી પ્રહેલિકાઓ:

(१) एकचक्षुर्न काकोडयं बिलमिच्छन्नपन्नग: ।

क्षियते वर्धते चैव न समुद्रो न चन्द्रमा: ॥

(२) पर्वताग्रे रथो याति भूमौ तिष्ठति सारथिः ।

चलति वायुवेगेन पदमेकं न गच्छति ॥

- ❖ શિક્ષક પ્રહેલિકાઓનું સંધિયુક્ત અને સંધિમુક્ત વાંચન કર્યા પછી પ્રહેલિકાઓની અંદર આવતાં સંધિયુક્ત અને સંધિમુક્ત શબ્દોની સમજ આપશે. જેમ કે –

(१) एक चक्षुः + न = एकचक्षुर्न ।

(२) काकः + अयम् = काकोऽयं ।

(३) बिलम् + इच्छन् + पन्नगः = विलमिच्छन्नपन्नगः ।

(४) पर्वत + अग्रे ।= पर्वताग्रे

(५) पदम् + एकम् = पदमेकं ।

(६) च + एव = चैव

- ❖ વિદ્યાર્થીઓ પ્રહેલિકાઓમાં આવતા સંધિયુક્ત અને સંધિમુક્ત શબ્દોની સમજ મેળવે.
- ❖ શિક્ષક પ્રહેલિકામાં આવતા અઘરા શબ્દોની સમજ અને તેના અર્થની સમજ આપશે. જેમ કે –

(१) चक्षुः - આંખ

(२) काकः - કાગડો

(३) बिलम् – દર

(४) पन्नगः - સાપ, નાગ

(५) अग्रे – આગળ

(६) भूमौ – ભૂમિ, પૃથ્વી

(७) वायु – પવન

(૮) पदम् – પગલું ડગલું

(૯) चलति – ચાલે છે.

(૧૦) गच्छति – જાય છે.

- વિદ્યાર્થીઓ પ્રહેલિકાઓમાં આવતા અઘરા શબ્દોની સમજ મેળવે.
- શિક્ષક પ્રથમ પ્રહેલિકાનું માતૃભાષામાં અનુવાદ કરશે. વિદ્યાર્થીઓ માતૃભાષામાં કરેલા અનુવાદનો મનમાં વિચાર કરશે અને પ્રહેલિકાનો જવાબ આપવા માટેનો પ્રયત્ન કરશે. જેમ કે –
    - એક આંખ છે પણ કાગડો નથી. દરમાં રહેવાની ઇચ્છા રાખે છે પણ તે સાપ નથી. ઘટે છે અને વધે છે છતાં પણ સમુદ્ર નથી કે ચન્દ્રમાં નથી. <u>તો બોલો કોણ હશે?</u>
- વિદ્યાર્થીઓ પ્રહેલિકાના અનુવાદનો વિચાર કરીને જુદાં-જુદા્ર જવાબો આપવાનો પ્રયત્ન કરશે. જેમ કે – सूचिः - સોય
- શિક્ષક બીજી પ્રહેલિકાનું માતૃભાષામાં અનુવાદ કરશે. વિદ્યાર્થીઓ શિક્ષકે કરેલા માતૃભાષાના અનુવાદનો મનમાં વિચાર કરશે અને પ્રહેલિકાનો જવાબ આપવા માટેનો પ્રયત્ન કરશે. જેમ કે –
    - પર્વતની ટોચ પર રથ ચાલે છે. સારથી જમીન પર ઊભો રહે છે. વાયુના વેગથી ચાલે છે અને એક પગલું પણ આગળ કે પાછળ જાતો નથી. <u>તો બોલો હું કોણ ?</u>
- વિદ્યાર્થીઓ પ્રહેલિકાના અનુવાદનો વિચાર કરીને જુદાં-જુદાં જવાબો આપવાનો પ્રયત્ન કરશે. જેમ કે, कुम्भकारस्य चक्रम् - કુંભારનો ચાકડો.

प्रवृत्ति-१ શિક્ષક વિદ્યાર્થીઓને કોષ્ટક આપશે. કોષ્ટકની ઉપર કૌંસમાં કેટલાક શબ્દો આપેલા હશે. વિદ્યાર્થીઓ શબ્દોને વાંચીને કોષ્ટકમાંથી સમાનાર્થી શબ્દોને શોધે અને તેના પર ગોળ રાઉન્ડ કરે.

[चक्षुः, बिलम्, पन्नगः, समुद्र, चन्द्र, पर्वत, भूमौ, वायु, पदम्]

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ने | द | र | प | क | पृ | ण |
| त्र | र्पः | न | हा | र | र | थ्वी |
| स | व | शि | ड | च | म | व |
| प | श | सा | ग | र | त | द |

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને બે જૂથમાં વહેંચી દે છે અને શિક્ષક વિદ્યાર્થીઓને પ્રહેલિકાઓની ચિઠ્ઠીઓ આપશે. વિદ્યાર્થીઓ પ્રહેલિકાઓનું વાંચન કરશે. તેને વિચારશે અને પ્રહેલિકાનો જવાબ આપવા માટેનો પ્રયત્ન કરશે. જેમ કે-

ચિઠ્ઠી નંબર – (१) मम वर्णः हरितः ।

मम कण्ठः कृष्णः ।

मम चञ्चुः रक्ता ।

अहं कः ? -------------> शुकः - પોપટ

ચિઠ્ઠી નંબર – (२) अहं छायां ददामि ।

अहं फलं ददामि ।

अहं पर्णं ददामि ।

अहं कः ? -------------> वृक्षः - વૃક્ષ (ઝાડ)

ચિઠ્ઠી નંબર – (૩) अहं हिमालये वसामि ।

अहं गङ्गां धारयामि ।

अहं नेत्रत्रयम् अस्ति ।

अहं क: ? -------------→ शिव: - શિવ

ચિઠ્ઠી નંબર – (૪) मम उत्तरे हिमालय: ।

मम दक्षिणे सागर: ।

मम ध्वज: त्रिवर्ण: ।

अहं का ? -------------→ भारतमाता – ભારતમાતા

ચિઠ્ઠી નંબર – (૫) मम वर्ण: कृष्ण: ।

अहं मधुरं गायामि ।

अहं वृक्षे वसामि ।

अहं क: ? -------------→ कोकिल: पिक: – કોયલ

ચિઠ્ઠી નંબર – (૬) मम वर्ण: श्वेत: ।

मम हस्ते वीणा ।

मम वाहनं मयूर: ।

अहं का ? -------------→ शारदा, सरस्वती – સરસ્વતી માતા

ચિઠ્ઠી નંબર – (૭) अहं वर्षाकले नृत्यामि ।

मम कण्ठ: नील: ।

मम पुच्छम् अतीव सुन्दरम् ।

अहं क: ? -------------→ मयूर: - મોર

ચિઠ્ઠી નંબર – (૮) अहं पुस्तकालये वसामि ।

अहं ज्ञानं ददामि ।

अहं लोकमित्रम् अस्मि ।

अहं किम् ? -------------→ पुस्तकम् – પુસ્તક, ચોપડી

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને પોતાની એક અંગત પ્રહેલિકા બનાવવાનું કેહેશે. વિદ્યાર્થીઓ સ્વપરિચયને લગતી પ્રહેલિક બનાવે. જેમ કે –

(૧) अहं गणवेशः धारयामि ।

अहं पुस्तकानि वहामि ।

अहं विद्यालयं गच्छामि ।

अहं कः ? -------------→ छात्रः - વિદ્યાર્થી

अहं का ? -------------→ छात्रा - વિદ્યાર્થીની

પ્રવૃત્તિ-૪ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં કેટલાક વાક્યો આપશે. વિદ્યાર્થીઓ વાક્યોના આધારે વિચારીને જવાબ આપશે. જેમ કે –

(૧) अहं पर्णं ददामि । अहं कः ? ________ ।

(૨) अहं पुष्पं ददामि । अहं कः ? ________ ।

(૩) अहं फलं ददामि । अहं कः ? ________ ।

(૪) अहं रसं ददामि । अहं कः ? ________ ।

(૫) अहं काष्ठं ददामि । अहं कः ? ________ ।

(૬) अहं गृहे वसामि । अहं कः ? ________ ।

(૭) अहं वने वसामि । अहं कः ? ________ ।

(૮) अहं मन्दिरे वसामि । अहं कः ? ________ ।

(९) अहं जले वसामि । अहं कः ? ________ ।

(१०) अहं नगरे वसामि । अहं कः ? ________ ।

## એકમ – ૮

## ह्यस्तन (ભૂતકાળ-પરસ્મૈપદ)

- શિક્ષક વિદ્યાર્થીઓને હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના પ્રત્યયોની સમજ આપશે.
- શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સમક્ષ હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના પ્રત્યયોનો ચાર્ટ રજૂ કરશે.

| | એ.વ. | દ્વિ. વ. | બહુ. વ. |
|---|---|---|---|
| ઉત્તમપુરુષ | अम् | व | म |
| મધ્યમપુરુષ | : (स्) | तम् | त |
| અન્યપુરુષ | त् | ताम् | अन् |

- વિદ્યાર્થીઓ હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના પ્રત્યયોની સમજ મેળવે.
- શિક્ષક હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના પ્રત્યાયોને ધાતુનું સાથે જોડીને રૂપો બનાવશે. વિદ્યાર્થીઓ હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના રૂપોની સમજ મેળવશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને પહેલા ધાતુની સમજ આપશે. ધાતુ એટલે શું તેની વ્યાખ્યા પૂછશે, ત્યારબાદ ધાતુની સાથે પ્રત્યયોને જોડીને રૂપો બનાવશે.
    - ધાતુ એટલે ક્રિયાપદના મૂળ રૂપને ધાતુ કહેવામાં આવે છે. દા.ત. अगच्छत् એ ક્રિયાપદ છે. આનુ મૂળ રૂપ એ गच्छ (गम्) છે. તેવી સમજ

શિક્ષક વિદ્યાર્થીઓને આપશે. ત્યાર બાદ શિક્ષક ધાતુની સાથે પ્રત્યયોને જોડીને રૂપો તૈયાર કરશે. અને આ રૂપોની સમજ વિદ્યાર્થીઓ મેળવશે.

❖ શિક્ષક વિદ્યાર્થીઓને ગણની પણ સમજ આપશે. જેમ કે –

| ગણ | ૧ | ૪ | ૬ | ૧૦ |
|---|---|---|---|---|
| વિકરણ પ્રત્યયન | अ | य | अ | अय |

❖ હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના રૂપો :

દા.ત. पठ् - વાંચવું

| | એ.વ. | દ્વિ. વ. | બહુ. વ. |
|---|---|---|---|
| ઉત્તમપુરુષ | अपठम् | अपठाव | अपठाम |
| મધ્યમપુરુષ | अपठः | अपठतम् | अपठत |
| અન્યપુરુષ | अपठत् | अपठताम् | अपठन् |

❖ વિદ્યાર્થીઓ ગણની સમજ મેળવે.

❖ વિદ્યાર્થીઓ ધાતુની સમજ મેળવે.

❖ વિદ્યાર્થીઓ હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના રૂપોની સમજ મેળવે.

પ્રવૃત્તિ-૧ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી દે છે અને વિદ્યાર્થીઓને કેટલાક રૂપો આપશે. વિદ્યાર્થીઓ રૂપોને આધારે કોષ્ટકને પૂરશે. જેમ કે –

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા રૂપો :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રર્વૃત્તિ |
|---|
| अपठम्, अगच्छत्, अभवन्, अवदत, अपिबाम, अकथयः, अरचयन्, अदिव्यताम्, अपृच्छतम्, अलिखाव વગેરે |

- વિદ્યાર્થીઓ રૂપોને આધારે કોષ્ટક પૂર્ણ કરશે.

| | રૂપ | મૂળધાતુ | ગણનો પ્રત્યય | કાળ | કર્તાનો પુરુષ | કર્તાનું વચન | કાળવાચક પ્રત્યય |
|---|---|---|---|---|---|---|---|
| १ | अपठम् | पठ् | अ | હ્ય. ભૂતકાળ | ઉત્તમપુરુષ | એકવચન | अम् |
| २ | अगच्छत् | गच्छ् (गम्) | अ | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | એકવચન | त् |
| ३ | अभवन् | भव् | अ | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | બહુવચન | अन् |
| ४ | अवदत | वद् | अ | હ્ય. ભૂતકાળ | મધ્યમપુરુષ | બહુવચન | त |
| ५ | अपिबाम | पिब् | अ | હ્ય. ભૂતકાળ | ઉત્તમપુરુષ | બહુવચન | म |
| ६ | अकथय: | कथ् | अय | હ્ય. ભૂતકાળ | મધ્યમપુરુષ | એકવચન | : (स्) |
| ७ | अरचयन् | रच् | अय | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | બહુવચન | अन् |
| ८ | अदिव्यताम् | दिव् | य | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | દ્વિવચન | ताम् |
| ९ | अपृच्छतम् | पृच्छ् | अ | હ્ય. ભૂતકાળ | મધ્યમપુરુષ | દ્વિવચન | तम् |
| १० | अलिखाव | लिख् | अ | હ્ય. ભૂતકાળ | ઉત્તમપુરુષ | દ્વિવચન | व |

હેતુ: વિદ્યાર્થીઓ રૂપોને આધારે કોષ્ટકની પૂર્તિ કરશે.

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથ કામ કરવાનું કાર્ય આપશે. શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક રૂપો આપશે. વિદ્યાર્થીઓને રૂપોને આધારે વાક્યો બનાવવાનું કહેશે. વિદ્યાર્થીઓ વાક્યો બનાવશે. જેમ કે –

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા રૂપો :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ |
|---|
| अपठम्, अगच्छत्, अकथयन्, अवदत, अरचयत्, अनमत्, अकथयत्, अभवत्, अलिखन्, अपृच्छत् । |

- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા રૂપોને આધારે વાક્યો બનાવશે. જેમ કે –

| | |
|---|---|
| (१) | अहं अपठम् । |
| (२) | सः अपृच्छत् । |
| (३) | अहं अगच्छम् । |
| (४) | ते अकथयन् । |
| (५) | रमेशः अपृच्छत् । |
| (६) | नरेशः अलिखत् । |
| (७) | शीला अकथयत् । |
| (८) | धनुर्धरः अभवत् । |
| (९) | सः काव्यं अरचयत् । |
| (१०) | गुरुदेवः अवदत् । |

- વિદ્યાર્થીઓ રૂપોનો ઉપયોગ કરીનેવાક્યો બનાવે.

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક ધાતુઓ આપશે. અને વિદ્યાર્થીઓ ધાતુની સાથે હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના પ્રત્યયોનો ઉપયોગ કરીને હ્યસ્તનભૂતકાળ પરસ્મૈપદના રૂપો બનાવશે.

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા ધાતુઓ :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ |
| --- |
| गच्छ्, पठ्, वद्, पिब्, लिख्, दिव्, पृच्छ्, इच्छ्, नृत्, भव्, कथ्, रच्, भक्ष्, क्रिड्, पश्य् |

- વિદ્યાર્થીઓ ધાતુનો ઉપયોગ કરીને રૂપો બનાવે જેમ કે –

| |
| --- |
| अगच्छम्, अवदत्, अषिबाम, अकथयः, अभवत, अकथयताम्, अरचयतम्, अक्रिडाव વગેરે. |

પ્રવૃત્તિ-૪ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળના વાક્યો આપશે. વિદ્યાર્થીઓ વાક્યોમાંથી વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને હ્યસ્તનભૂતકાળના ક્રિયાપદોને જુદા પાડશે અને જુદાં પાડેલા ક્રિયાપદોના રૂપો ઓળખાવીને કોષ્ટકની પૂર્તિ કરશે.

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ |
| --- |
| (૧) अहं शीलायाः माता वदामि । |
| (૨) अहं तया सह वार्तालापं कर्तुम् इच्छामि । |
| (૩) लोकयानं हिंमतनगरतः इडरं गच्छति । |
| (૪) अजंतातः प्रवासः कुत्र गमिष्यति । |
| (૫) अहम् अवश्यं लेखिष्यामि । |
| (૬) वयम् श्लोकं वदिष्यामः । |
| (૭) एकलव्यः आचार्यस्य द्रोणस्य एकां मूर्तिम् अरचयत् । |
| (૮) आचार्यं प्रति तस्य श्रद्धा शिथिला न अभवत् । |
| (૯) मात्रावाला दूरतः एतत् सर्वं अपश्यत् । |
| (૧૦) क्षतिग्रस्तः भूत्वा तत्रैव अपतत् । |

- વિદ્યાર્થીઓએ વાક્યોમાંથી જુદાં પાડેલાં રૂપો :

| વર્તમાનકાળ | ભવિષ્યકાળ | હ્યસ્તનભૂતકાળ |
|---|---|---|
| वदामि | गमिष्यति | अस्चयत् |
| इच्छामि | लेखिष्यामि | अभवत् |
| गच्छति | वदिष्याम: | अपश्यत् |
| | | अपतत् |

- વિદ્યાર્થીઓ વાક્યોમાંથી રૂપો ઓળખાવીને કોષ્ટક પુર્તિ કરશે.

| | રૂપ | મૂળધાતુ | ગણનો પ્રત્યય | કાળ | કર્તાનો પરુષ | કર્તાનું વચન | કાળવાચક પ્રત્યય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | वदामि | वद् | अ | વર્તમાનકાળ | ઉત્તમપુરુષ | એકવચન | मि |
| ૨ | गमिष्यति | गम् | अ | ભવિષ્યકાળ | અન્યપુરુષ | એકવચન | स्यति |
| ૩ | अस्चयत् | स्व् | अय | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | એકવચન | त् |
| ૪ | इच्छमि | इच्छ् | अ | વર્તમાનકાળ | ઉત્તમપુરુષ | એકવચન | मि |
| ૫ | लेखिष्यामि | लिख् | अ | ભવિષ્યકાળ | ઉત્તમપુરુષ | એકવચન | स्यामि |
| ૬ | अभवत् | भव् | अ | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | એકવચન | त् |
| ૭ | गच्छति | गच्छ | अ | વર્તમાનકાળ | અન્યપુરુષ | એકવચન | ति |
| ૮ | अपश्यत् | पश्य् | अ | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | એકવચન | त् |
| ૯ | वदिष्याम: | वद् | अ | ભવિષ્યકાળ | ઉત્તમપુરુષ | બહુવચન | स्याम: |
| ૧૦ | अपतत् | पत् | अ | હ્ય. ભૂતકાળ | અન્યપુરુષ | એકવચન | त् |

હેતુ: - વિદ્યાર્થીઓ વાક્યોમાંથી રૂપો ઓળખાવે.

- વિદ્યાર્થીઓ રૂપો ઓળખાવીને કોષ્ટક પૂર્તિ કરશે.

## એકમ – ૯

## સંબંધક ભૂતકૃદન્ત

- શિક્ષક વિદ્યાર્થીઓને સંબંધક ભૂતકૃદન્તની વ્યાખ્યા અને સંસ્કૃત, ગુજરાતી પ્રત્યયોની સ મજ આપશે. જેમ કે –
  - પ્રથમ પૂર્ણ થયેલી ક્રિયા સાથે બીજી ક્રિયાને જોડવામાં આવી હોય અથવા બંને વચ્ચે સંબંધ ઊભો કરવામાં આવ્યો હોયતેને "સંબંધક ભૂતકૃદન્ત" કહેવામાં આવે છે.
  - સંબંધક ભૂતકૃદન્તનો સંસ્કૃત પ્રત્યય "त्वा" અને "य" છે. તથા ગુજરાતી પ્રત્યય "ने" છે.
  - સંબંધક ભૂતકૃદન્તનું રૂપ બનાવવા માટે મૂળ ધાતુની પાછળ " त्वा" અને "य " પ્રત્યય  લગાડવામાં આવે છે. જેમ કે –

| | | |
|---|---|---|
| गम् + त्वा | गत्वा | (જઇને) |
| कृ + त्वा | कृत्वा | (કરીને) |
| भू + त्वा | भूत्वा | (થઇને, બનીને) |
| हन् + त्वा | हत्वा | (હણીને) |
| नम् + त्वा | नत्वा | (નમીને) |
| दृश् + त्वा | द्रष्टवा | (જોઇને) |
| पी + त्वा | पीत्वा | (પીને) |
| श्रु + त्वा | श्रुत्वा | (સાંભળીને) |
| नी + त्वा | नीत्वा | (લઇને) |
| मन् + त्वा | मत्वा | (માનીને) |
| दा + त्वा | दत्वा | (આપીને) |

○ કેટલાંક ધાતુઓમાં 'इ' ઉમેરીને સંબંધક ભૂતકૃદન્તના રૂપો બનાવવામાં આવે છે. જેમ કે – (ધાતુ અને પ્રત્યયની વચ્ચે એક નવો 'इ' ઉમેરાય છે.)

| | | |
|---|---|---|
| पठ् + इ + त्वा | पठित्वा | (વાંચીને) |
| कथ् + अय + इ + त्वा | कथयित्वा | (કહીને) |
| भक्ष् + अय + इ + त्वा | भक्षयित्वा | (ખાઇને, ભક્ષણ કરીને) |
| ग्रह + इ + त्वा | गृहित्वा | (ગ્રહણ કરીને) |
| हस् + इ + त्वा | हसित्वा | (હસીને) |
| चोर् + अय + इ + त्वा | चोरयित्वा | (ચોરીને) |
| गण् + अय + इ + त्वा | गणयित्वा | (ગણીને) |
| स्व् + अय + इ + त्वा | स्वयित्वा | (રચીને) |
| पूज् + अय + इ + त्वा | पूजयित्वा | (પૂજીને) |
| क्रिड् + इ + त्वा | क्रिडित्वा | (રમીને) |
| चल् + इ + त्वा | चलित्वा | (ચાલીને) |
| वद् + इ + त्वा | वदित्वा | (બોલીને) |
| खाद् + इ + त्वा | खादित्वा | (ખાઇને) |
| लिख् + इ + त्वा | लिखित्वा | (લખીને) |

○ જ્યાં ધાતુની પૂર્વે ઉપસર્ગ લાગેલા હોય ત્યાં "त्वा"ની જગ્યાએ માત્ર "य" પ્રત્યય લગાડવમાં આવે છે. જેમ કે –

| | | |
|---|---|---|
| आ + गम् + य | आगय | (આવીને) |
| आ + नी + य | आनीय | (લાવીને) |
| आ + गम् + य | आगत्य | (આવીને) |
| आ + गम् + य | आगम्य | (આવીને) |
| अलम् + कृ + य | अलंकृत्य | (શણગારીને) |
| सम् + भू + य | संभूय | (સારી રીતે બનીને) |
| प्र + पठ् + य | प्रपठ्य | (ખૂબ વાંચીને) |
| प्र + नम् + य | प्रणम्य | (પ્રણામ કરીને) |
| प्र + विश् + य | प्रविश्य | (પ્રવેશીને) |
| विं + स्मृत् + य | विस्मृत्य | (ભૂલીને) |
| नि + शम् + य | निशम्य | (સાંભળીને) |

○ વિદ્યાર્થીઓ સંબંધક ભૂતકૃદન્તની વ્યાખ્યા, પ્રત્યયો અને રૂપોની સમજ મેળવે.

પ્રવૃત્તિ-૧ શિક્ષક વિદ્યાર્થીઓને સંબંધક ભૂતકૃદન્તની સમજ આપ્યા પછી વિદ્યાર્થીઓને જૂથમાં કેટલાક ધાતુઓ આપશે. વિદ્યાર્થીઓ ધાતુની સાથે પ્રત્યય જોડીને સંબંધક ભૂતકૃદન્તના રૂપો બનાવશે. જેમ કે –

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા ધાતુઓ :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (૧) पठ् | (૬) कथ् |
| (૨) खाद् | (૭) रच् |

| | |
|---|---|
| (३) लिख् | (८) पूज् |
| (४) गम् | (९) गण् |
| (५) वद् | (१०)भू |

- વિદ્યાર્થીઓએ ધાતુની સાથે પ્રત્યયોને જોડીને રૂપો બનાવશે. જેમ કે –

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (१) पठित्वा | (६) कथयित्वा |
| (२) खादित्वा | (७) रचयित्वा |
| (३) लिखित्वा | (८) पूजयित्वा |
| (४) गत्वा | (९) गणयित्वा |
| (५) वदित्वा | (१०)भूत्वा |

- વિદ્યાર્થીઓ ધાતુની સાથે પ્રત્યયનોને જોડીને સંબંધક ભૂતકૃદન્તના રૂપો બનાવે.

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં કેટલાક રૂપો આપશે અને વિદ્યાર્થીઓને રૂપોને આધારે વાક્યો બનાવવાનું કહેશે. વિદ્યાર્થીઓ રૂપોનો ઉપયોગ કરીને સંબંધક ભૂતકૃદન્તના રૂપો બનાવશે. જેમ કે –

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા રૂપો :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (१) वदित्वा | (६) लिखित्वा |
| (२) कथयित्वा | (७) गत्वा |

| | |
|---|---|
| (૩) શ્રુત્વા | (૮) ભૂત્વા |
| (૪) સ્વયિત્વા | (૯) પઠિત્વા |
| (૫) પૂજયિત્વા | (૧૦)દ્રષ્ટ્વા |

- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવશે. જેમ કે –

  (૧) अहं विद्यालयं गत्वा अभ्यासं करोमि ।

  (૨) अहं काव्यं रचयित्वा भोजनं करोमि ।

- વિદ્યાર્થીઓ સંબંધક ભૂતકૃદન્તના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવે.

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને કેટલાક વાક્યો આપશે અને વિદ્યાર્થીઓને વાક્યોમાંથી સંબંધક ભૂતકૃદન્તના રૂપો શોધવાનું કહેશે. વિદ્યાર્થીઓ વાક્યોમાંથી સંબંધક ભૂતકૃદન્તના રૂપો શોધીને તેની યાદી બનાવશે.

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા વાક્યો :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ |
|---|
| (૧) गजेन्द्रः मोदकं खादित्वा शयनं करोति ।<br>(૨) सा स्नानं कृत्वा पूजां अकरोत् ।<br>(૩) शिक्षिका पुस्तकं पठित्वा कथं कथयति ।<br>(૪) सः शालां गत्वा अभ्यासं करोति ।<br>(૫) कृष्णप्रसादः कार्यालये गत्वा वार्तालापं करोति ।<br>(૬) राधिका गीतं श्रुत्वा आनन्दं अनुभवति ।<br>(૭) अहं स्नानं कृत्वा दुग्धं पिबामि । |

| |
|---|
| (८) अहं गृहकार्यं लिखित्वा दुरदर्शनं पश्यामि । |
| (९) भवत: ईश्वर: पूजयित्वा भोजनं करोति । |
| (१०) रमेश: भोजनं खादित्वा शयनं करोति । |

- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા વાક્યોમાંથી સંબંધક ભૂતકૃદન્તના રૂપોને શોધશે અને તેની યાદી બનાવશે. જેમ કે –

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (१) खादित्वा | (५) श्रृत्वा |
| (२)कृत्वा | (६) लिखित्वा |
| (३)पठित्वा | (७) पूजयित्वा |
| (४)गत्वा | |

- વિદ્યાર્થીઓ વાક્યોમાંથી રૂપો ઓળખાવશે અને રૂપોની યાદી બનાવશે.

**એકમ – ૧૦**

**હેત્વર્થકૃદન્ત**

❖ શિક્ષક વિદ્યાર્થીઓને હેત્વર્થકૃદન્તની વ્યાખ્યા, પ્રત્યયો, ધાતુ અને રૂપોની સમજ આપશે. જેમ કે –

- હેતુભૂત બનેલી ક્રિયાને દર્શાવતા શબ્દને “હેત્વર્થકૃદન્ત” કહે છે.
- હેત્વર્થકૃદન્તનો સંસ્કૃત પ્રત્યય तुम् છે અને ગુજરાતી પ્રત્યય માટે છે.

- હેત્વર્થકૃદન્તનું રૂપ બનાવવા માટે મૂળ ધાતુની પાછળ तुम् પ્રત્યય લગાડવામાં આવે છે. જેમ કે –

| | | |
|---|---|---|
| गम् + तुम् | गन्तुम् | જવા માટે |
| कृ + तुम् | कर्तुम् | કરવા માટે |
| द्रश् + तुम् | द्रष्टुम् | જોવા માટે |
| पा + तुम् | पातुम् | પીવા માટે |
| स्ना + तुम् | स्नातुम् | સ્નાન કરવા માટે |
| यज् + तुम् | यष्टुम् | યજન/યજ્ઞ કરવા માટે |
| नी + तुम् | नेतुम् / आनेतुम् | લઇ જવા / લાવવા માટે |
| ह्य + तुम् | ह्यर्तुम् | હરી લેવા માટે |
| गै + तुम् | गातुम् | ગાવા માટે |
| त्यज् + तुम् | त्यक्तुम् | ત્વજવા માટે |
| लभ् + तुम् | लब्धुम् | મેળવવા માટે |
| वच् + तुम् | वक्तुम् | બોલવા માટે |
| छिद् + तुम् | छेत्तुम् | કાપવા માટે |
| जिं + तुम् | जितुम् | જીતવા માટે |
| स्तु + तुम् | स्तोतुम् | સ્તુતિ કરવા માટે |
| प्रच्छ + तुम् | प्रष्टुम् | પૂછવા માટે |
| त्रै + तुम् | त्रातुम् | રક્ષણ કરવા માટે |
| स्पृश + तुम् | स्प्रष्टुम् | સ્પર્શ માટે |

| | | |
|---|---|---|
| ज्ञान + तुम् | ज्ञातुम् | જાણવા માટે |
| आ + रुह + तुम् | आरोढुम् | ચઢવા માટે |
| रम् + तुम् | रन्तुम् | રમવા માટે |
| दा + तुम् | दातुम् | આપવા માટે |

- કેટલાક ધાતુઓમાં इ ઉમેરીને હેત્વર્થકૃદન્તનું રૂપ બનાવવામા આવે છે. અથવા ધાતુ અને પ્રત્યયની વચ્ચે એક નવો इ ઉમેરાય છે. જેમ કે –

| | | |
|---|---|---|
| खाद् + इ + तुम् | खादितुम् | ખાવા માટે |
| वद् + इ + तुम् | वदितुम् | બોલવા માટે |
| भव् + इ + तुम् | भवितुम् | બનવા / થવા માટે |
| ग्रह् + इ + तुम् | ग्रहितुम् | ગ્રહણ કરવા માટે |
| नृत् + इ + तुम् | नर्तितुम् | નાચવા માટે |
| पूज् + इ + तुम् | पूजयितुम् | પૂજવા માટે |
| कथ् + अय + इ + तुम् | कथयितुम् | કહેવા માટે |
| तृ + इ + तुम् | तरितुम् | તરવા માટે |
| क्रीड् + इ + तुम् | क्रीडितुम् | રમવા માટે / ક્રિડા માટે |
| पठ् + इ + तुम् | पठितुम् | વાચવા / ભણવા માટે |
| चल् + इ + तुम् | चलितुम् | ચાલવા માટે |
| स्व् + अय + इ + तुम् | स्वयितुम् | રચના માટે |
| लिख् + इ + तुम् | लिखितुम् | લખવા માટે |

- વિદ્યાર્થીઓ હેત્વર્થકૃદન્તની વ્યાખ્યા, પ્રત્યયો, ધાતુ અને રૂપોથી પરિચિત બને.

પ્રવૃત્તિ-૧ શિક્ષક વિદ્યાર્થીઓને હેત્વર્થકૃદન્તની સમજ આપ્યા પછી વિદ્યાર્થીઓને જૂથમાં કેટલાક ધાતુઓ આપશે. વિદ્યાર્થીઓ ધાતુની સાથે પ્રત્યય જોડીને હેત્વર્થકૃદન્તના રૂપો બનાવશે. જેમ કે-

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા ધાતુઓ :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (१) पठ् | (६) गम् |
| (२) वद् | (७) भव् |
| (३) कथ् | (८) पा |
| (४) स्व् | (९) खाद् |
| (५) क्रीड् | (१०) चल् |

- વિદ્યાર્થીઓ ધાતુની સાથે પ્રત્યયો જોડીને રૂપો બનાવશે. જેમ કે –

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (१) पठितुम् | (६) गन्तुम् |
| (२) वदितुम् | (७) भवितुम् |
| (३) कथयितुम् | (८) पातुम् |
| (४) रचयितुम् | (९) खादितुम् |
| (५) क्रीडितुम् | (१०)चलितुम् |

- વિદ્યાર્થીઓ ધાતુની સાથે પ્રત્યયોને જોડીને હેત્વર્થકૃદન્તના રૂપો બનાવે.

પ્રવૃત્તિ-૨ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં કેટલાક રૂપો આપશે. અને વિદ્યાર્થીઓને રૂપોને આધારે વાક્યો બનાવવાનું કહેશે. વિદ્યાર્થીઓ રૂપોનો ઉપયોગ કરીને હેત્વર્થકૃદન્તના રૂપો બનાવશે. જેમ કે –

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા રૂપો :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (१) वदितुम् | (६) कथयितुम् |
| (२) पठितुम् | (७) रचयितुम् |
| (३) लिखितुम् | (८) पूजयितुम् |
| (४) गन्तुम् | (९) गातुम् |
| (५) पातुम् | (१०) भवितुम् |

- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવશે. જેમ કે –

  (१) अहं श्लोकं वदितुम् इच्छामि ।

  (२)रमेशः पुस्तकं पठितुम् इच्छति ।

- વિદ્યાર્થીઓ હેત્વર્થકૃદન્તના રૂપોનો ઉપયોગ કરીને વાક્યો બનાવે.

પ્રવૃત્તિ-૩ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં કેટલાક વાક્યો આપશે અને વિદ્યાર્થીઓને વાક્યોમાંથી હેત્વર્થકૃદન્તના રૂપો શોધવાનું કહેશે. વિદ્યાર્થીઓ વાક્યોમાંથી હેત્વર્થકૃદન્તના રૂપો શોધીને તેની યાદી બનાવશે.

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા વાક્યો :

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ |
|---|
| (१) सः धनुर्विद्यां पठितुम् इच्छति स्म । |
| (२) 'गुरुदेव' अहम् अपि धनुर्धरः भवितुम् इच्छामि । |
| (३) अहं भवतः शिष्यरुपेण स्वीकारं कर्तुं न शक्नोमि । |
| (४) सः रोटिकां खादितुम् इच्छति । |
| (५) भवान् उद्याने चलितुम् इच्छति वा । |
| (६) अहं वर्गखण्डात् बहिः गन्तुम् इच्छामि । |
| (७) सा क्रीडितुम् इच्छति । |
| (८) सः द्रष्टुं न शक्नोति |
| (९) सा परीक्षा दातुम् इच्छति । |
| (१०) रमेशः जलं पातुम् इच्छति । |

- વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલા વાક્યોમાંથી હેત્વર્થકૃદન્તના રૂપો શોધશે અને તેની યાદી બનાવશે. જેમ કે –

| ચિઠ્ઠીઓ દ્વારા પ્રવૃત્તિ | |
|---|---|
| (१) पठितुम् | (६) गन्तुम् |
| (२) भवितुम् | (७) क्राडितुम् |
| (३) कर्तुम् | (८) द्रष्टुंम् |
| (४) खादितुम् | (९) दातुम् |
| (५) चलितुम् | (१०) पातुम् |

- વિદ્યાર્થીઓ વાક્યોમાંથી હેત્વર્થકૃદન્તના રૂપો ઓળખાવશે અને રૂપોની યાદી બનાવશે.

પ્રવૃત્તિ-૪ શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં કેટલાક ચિત્રો આપશે અને ચિત્રમાં જોઇને વિદ્યાર્થીઓને હેત્વર્થકૃદન્તના વાક્યો બનાવવાનું કહેશે. વિદ્યાર્થીઓ ચિત્રમાં જોઇને હેત્વર્થકૃદન્તના વાક્યો બનાવશે. જેમ કે –

- શિક્ષકે વિદ્યાર્થીઓને આપેલા ચિત્રો :

(૧) શાળાએ ભણવા માટે જાતા બાળકનું ચિત્ર

(૨) ગામમાં દૂધ આપવા માટે જાતા ગોપાલનું ચિત્ર

(૩) તળાવે કપડા ધોવા માટે જાતા ધોબીનું ચિત્ર

- વિદ્યાર્થીઓ ચિત્રમાં હેત્વર્થકૃદન્તના વાક્યો બનાવશે. જેમ કે –


(१) बालिका पठितुं विद्यालयं गच्छति ।



(२) गोपालः दुग्धं दातुं ग्रामं गच्छति ।



(३) रजकः वस्त्रं प्रक्षालयितुं तडागे गच्छति ।



- વિદ્યાર્થીઓ ચિત્રો પરથી હેત્વર્થકૃદન્તના વાક્યો બનાવે.

❋ ❋ ❋ ❋ ❋